No Pages to Display

પ્રકાશક
વિમુબેન બધેકા
દક્ષિણામૂર્તિ, બાલમંદિર
ભાવનગર.

પ્રથમ મુદ્રણ : સપ્ટેમ્બર, ૧૯૨૯
પુનર્મુદ્રણ - માર્ચ - ૧૯૯૮

મુદ્રક
સુમિત પ્રિન્ટર્સ
ડી. એસ. પી. ઓફિસ પાસે,
કાશીવિશ્વનાથ મંદિરની બાજુમાં,
ભાવનગર - ૩૬૪ ૦૦૧.

# બાળવાર્તા

## શ્રેણી બીજી

# અનુક્રમણિકા


| ક્રમ | વિગત | પૃષ્ઠ |
|---|---|---|
| ૧. | પેમલા પેમલીની વાર્તા | ૧ |
| ૨. | ડોશી અને તેના દીકરા | ૪ |
| ૩. | નાની ને ઘેર જાવા દે | ૬ |
| ૪. | શિયાળભાઈ ! બોર પાક્યાં | ૯ |
| ૫. | દીકરીને ઘેર જાવા દે | ૧૨ |
| ૬. | કૂકડા શિયાળની વાર્તા | ૧૬ |
| ૭. | સસાભાઈ સાંકળિયા | ૨૦ |
| ૮. | એક ચકલીની વાર્તા | ૨૩ |
| ૯. | વાદીલો કાગડો | ૨૭ |
| ૧૦. | ચકલી ને કાગડો | ૨૮ |
| ૧૧. | આનંદી કાગડો | ૩૧ |
| ૧૨. | અદેખી કાબરની વાર્તા | ૩૪ |
| ૧૩. | કચેરીમેં જાઊંગા | ૩૬ |
| ૧૪. | બિલાડીની જાત્રા | ૪૧ |
| ૧૫. | વાણિયો અને કાગડો | ૪૬ |
| ૧૬. | પોપટ ને કાગડો | ૪૮ |
| ૧૭. | રાજા હું રે પનોતી | ૫૬ |
| ૧૮. | જૂબાઈની વાર્તા | ૬૦ |
| ૧૯. | મા ! મને છમ વડું | ૬૫ |
| ૨૦. | હોલાહોલીની વાર્તા | ૬૮ |
| ૨૧. | ભટૂરિયાંની વાર્તા | ૭૨ |
| ૨૨. | ચકી-ચકાની વાર્તા | ૭૫ |
| ૨૩. | દેડકો અને ખિસકોલી | ૮૦ |
| ૨૪. | ઘાસકા પૂળા ખા જા | ૮૨ |
| ૨૫. | ડોશી અને વાંદરી | ૮૬ |
| ૨૬. | અઘરા શબ્દોના અર્થ | ૮૯ |

# બા ળ વા ર્તા

## શ્રેણી બીજી

○ □ ○

## પેમલા પેમલીની વાર્તા

એક હતો પેમલો ને એક હતી પેમલી.

લાકડાં કાપવાથી થાકીપાકી સાંજે પેમલો ઘેર આવ્યો અને પેમલીને કહ્યું : ''પેમલી ! આજ તો થાકીને લોથ થઈ ગયો છું. જો મને પાણી ઊનું કરી આપે તો નાહીને પગ ઝારું અને થાક ઉતારું.''

પેમલી કહે : ''કોણ નભાઈ ના કહે છે ? લો પેલો હાંડો; ઊંચકો જોઈએ ?''

પેમલે હાંડો ઊંચક્યો ને કહે : ''હવે ?''

પેમલી કહે : ''હવે બાજુના કૂવામાંથી પાણી ભરી આવો.''

પેમલો પાણી ભરી આવ્યો ને કહે : ''હવે ?''

પેમલી કહે : ''હવે હાંડો ચૂલે ચડાવો.''

પેમલે હાંડો ચૂલે ચડાવ્યો ને કહે : ''હવે ?''

પેમલી કહે : ''હવે લાકડાં સળગાવો.''

પેમલે લાકડાં સળગાવ્યાં ને કહે : ''હવે ?''

# ડોશી અને તેના દીકરા

એક હતી ડોશી. એને ત્રેવીશ દીકરા હતા. ત્રેવીશે જણા એક વાર મુસાફરીએ ચાલ્યા. ચાલતાં ચાલતાં રસ્તામાં એક કિલ્લો આવ્યો. કિલ્લાના કોઠા નીચે સૌ ભાતું ખાવા બેઠા. કોઠો જૂનો હતો અને પડુંપડું થઈ રહ્યો હતો તેથી તે પડયો અને નીચે સાત જણા દબાઈ ગયા.

બાકી રહ્યા તે આગળ ચાલ્યા. રસ્તામાં એક નદી આવી. ચોમાસું હતું તેથી નદીમાં પૂર આવ્યું હતું. નદી ઓળંગી જવા જાય ત્યાં તો નવ જણા તણાઈ ગયા.

ખરાબ ભાતું ખાધેલું હોવાથી આગળ જતાં ત્રણ જણને શેરણું થયું અને તેઓ પણ મરી ગયા.

બાકી રહેલા એક ગામમાં પેસતા હતા, ત્યાં એક ગાંડી ભેંશ આવી, તેણે બીજા બે જણને મારી નાખ્યા.

ગામમાં ગયા ત્યાં એક ડોસાને તાવ આવ્યો એટલે તે મરી ગયો.

છેવટે એક જીવતો રહ્યો તે ઘેર આવ્યો. જ્યારે તે ઘેર આવ્યો ત્યારે તેની માએ તેને પૂછ્યું : ''કહે ને, ભાઈ ! વાત ?''

છોકરો કહે : ''માડી ! કોઠે દાબ્યા સાત.''

મા કહે : ''મેર મૂઆ મદી !''



છોકરા કહે : ''માડી ! નવ તાણી ગઈ નદી.''

મા કહે : ''અરર !''

છોકરો કહે : ''માડી ! ત્રણ તો ગયા ટરરર.''

મા કહે : ''હેં હેં ?''

છોકરો કહે : ''બે તો દાબ્યા ભેંહે.''

મા કહે : ''ઓહો !''

છોકરો કહે : ''એક તો મૂઓ ડોહો.''

મા કહે : ''અરે !''

છોકરો કહે : ''હું તો આવ્યો ઘરે.''



# નાની ને ઘેર જાવા દે

એક હતું ઘેટાનું બચ્ચું. તે એક વાર તેની મોટી માને ત્યાં ચાલ્યું. રસ્તામાં ચાલતાં તેને એક શિયાળ મળ્યું. શિયાળ બચ્ચાંને કહે :

''હું તને ખાઉં.''

બચ્ચું કહે :

''નાનીને ઘેર જાવા દે,
ખુબ તાજુ થાવા દે,
પછી મને ખાજે.''

શિયાળ કહે : ''ઠીક.''

બચ્ચું જરા દૂર ચાલ્યું ત્યાં એક ગીધ મળ્યું.

ગીધ કહે : ''હું તને ખાઉં.''

ઘેટાનું બચ્ચું કહે :

''નાનીને ઘેર જાવા દે,
ખુબ તાજુ થાવા દે,
પછી મને ખાજે.''

ગીધ કહે : ''ઠીક.''

ઘેટાનું બચ્ચું તો આગળ ચાલ્યું. ત્યાં વળી રસ્તામાં તેને એક વાઘ મળ્યો. વાઘ કહે : ''હું તને ખાઉં.''

બચ્ચું કહે :

''નાનીને ઘેર જાવા દે,
ખુબ તાજુ થાવા દે,
પછી મને ખાજે.''



વાઘ કહે : ''ઠીક.''

પછી રસ્તામાં એ પ્રમાણે તેને વરુ, ગરુડ, કૂતરો વગેરે જનાવરો મળ્યાં ને ઘેટાનું બચ્ચું સૌને ઉપર પ્રમાણે કહીને છૂટું થયું.

પછી ઘેટું તો મોટી માને ત્યાં જઈ મોટી માને કહે : ''મા, મા! મને ખૂબ ખવરાવ. મેં જનાવરોને વચન આપ્યું છે, માટે એ બધાં મને ખાઈ જવાનાં છે.''

બચ્ચાએ તો ખૂબ ખાધું પીધું ને સારી રીતે જાડું થયું.

પછી તે મોટી માને કહે : ''મા! મને એક ચામડાનું ઢોલકું કરી આપો એટલે હું એમાં બેસીને જાઉં, ને મને કોઈ ઓળખે નહિ; મને તેથી કોઈ ખાય નહિ.''

મોટી માએ તો બચ્ચાને માટે એક સારું મજાનું ઢોલક બનાવ્યું; અંદર રૂપાળું રૂ પાથર્યું. પછી તેની અંદર બચ્ચું બેઠું. પછી ઢોલકાને જે ધક્કો માર્યો ને, તે ઢોલકું દડતું દડતું ચાલ્યું.

ત્યાં રસ્તામાં ગરુડ મળ્યું.

ગરુડ કહે : ''ભાઈ ! ક્યાંય ઘેટાનું બચ્ચું જોયું ?''

ઢોલકામાંથી બચ્ચું બોલ્યું :


''ક્યાંનું બચ્ચું, ક્યાંનો તું ?
ચલ ઢોલકડા ઢમકા હું !''

આમ જવાબ આપતું આપતું ઘેટું ઘણે દૂર નીકળી ગયું. છેવટે શિયાળભાઈ મળ્યા.

શિયાળ કહે : ''ક્યાંય ઘેટાનું બચ્ચું દીઠું ?''

અંદરથી બચ્ચું બોલ્યું :

''ક્યાંનું બચ્ચું, ક્યાંનો તું ?
ચલ ઢોલકડા ઢમકા હું !''



શિયાળ કહે : ''અરે ! આમાં તો બચ્ચું લાગે છે ! ચાલ ઢોલક તોડીને એને ખાઉં.''

પણ ત્યાં તો બચ્ચાનું ઘર આવી ગયું ને બચ્ચું ઘરમાં પેસી ગયું. શિયાળ ભાઈ બારણા પાસે ઊભા ઊભા જોઈ રહ્યા !

# શિયાળભાઈ ! બોર પાક્યાં

એક હતી ડોશી.

એના ફળિયામાં એક બોરડી હતી.

બોરડીએ બોર આવ્યાં; ડાળે ડાળે અને પાંદડે પાંદડે બોર.

ડોશીએ ધાર્યું : ''આ બોર પાકશે ને આ બોર ખાઈશ. ખાવાની કાંઈ મજા પડશે !''

ડોશી રોજ સવારે ઊઠે ને પાંકેલાં બોરની વાટ જુએ.

એક દિવસ તો બોર સાવ પાકવા આવી ગયાં.

ડોશી કહે : ''કાલે થોડાંક બોર પાકી જશે ને કાલે બોર ખવાશે.''

બીજે દિવસે ડોશી સવારે ઊઠીને જુએ તો પાકાં બોર વિનાની બોરડી. ઉપર એકે ય પાકું બોર ન મળે; હેઠે નકરા ઠળિયા ઠળિયા, ને કોઈ જ્યાં ત્યાં હગાર કરી ગયેલું. ડોશી તો રોજ સવારે ઊઠે ને પાકાં બોર લેવા જાય ત્યાં બોરને બદલે ઠળિયા જ હોય !

ડોશી તો કહે : ''આજ તો રાત આખી જાગું ને ખાનારને પકડું.''

પછી ડોશી તો ઓશરીમાં લપાઈને ચોકી ભરવા બેઠાં.

અંધારું થયું ને શિયાળભાઈ હળુ હળુ આવ્યા. ચોર જેમ ઉપર ચડ્યા ને પાકાં પાકાં બોર વીણીને મોઢામાં મૂકવા માંડ્યા. સવાર પડી ત્યાં તો બધાં યે પાકાં બોર ખવાઈ ગયાં ને હેઠે ઠળિયા ઠળિયા થઈ ગયા. જતાં જતાં શિયાળભાઈએ ડોશીના બારણામાં હગાર કરી ને પછી ભાગી ગયા.

ડોશી કહે : ''હવે વાત છે. કાલે એની ખબર લઉં !''

બીજી સાંજ પડી. ખૂબ અંધારું થયું એટલે ભાઈબંધ બોર ખાવા આવ્યા. ખૂબખૂબા બોર ખાધાં; એકે પાકું બોર રહેવા ન દીધું. પછી હેઠે ઊતરીને ડોશીના બારણામાં હગાર કરવા ચાલ્યા.

ડોશીએ તો તૈયાર કરી જ રાખ્યું હતું. એક લોઢી લાલચોળ તપાવીને તૈયાર રાખી હતી.

શિયાળભાઈ કહે : ''આજ તો આ સોનાના પાટલા ઉપર જ બેસવા દે ! ડોશી બહાર ભૂલી ગઈ લાગે છે.''

શિયાળભાઈ તો સટસટ લોઢી પાસે ગયા ને ઝટ દઈને હગાર કરવા બેઠા. ત્યાં તો ચડચડ કરતા દાઝ્યા ને ''કૂઈ, કૂઈ, કૂઈ !'' કરતા ભાગ્યા !

ડોશી કહે : ''આવો આવો, શિયાળભાઈ! બોર પાક્યા છે, બોર પાક્યા છે !''



શિયાળ કહે : ''ના ના ડોશીમાં! દાઝી મૂઆ રે! દાઝી મૂઆ રે!''

ડોશી કહે : ''આવો આવો, શિયાળભાઈ! બોર પાક્યાં છે, બોર પાક્યાં છે !''

શિયાળ કહે : ''ના ના ડોશીમાં! દાઝી મૂઆ રે! દાઝી મૂઆ રે!''

# દીકરીને ઘેર જાવા દે

એક હતી ડોશી. તે પોતાની દીકરીને ત્યાં જવા નીકળી. જતાં જતાં રસ્તામાં તેને એક વાઘ મળ્યો.

વાઘ કહે : ''ડોશી ડોશી ! તને ખાઉં.''

ડોશી કહે :

''દીકરીને ઘેર જાવા દે,
તાજી માજી થાવા દે,
પછી મને ખાજે.''

વાઘ કહે : ''ઠીક.''

પછી ડોશી આગળ ચાલી ત્યાં રસ્તામાં સિંહ મળ્યો.

સિંહ કહે : ''ડોશી ડોશી ! તને ખાઉં.''

ડોશી કહે :

''દીકરીને ઘેર જાવા દે,
તાજી માજી થાવા દે,
પછી મને ખાજે.''

પછી વળી આગળ ચાલતાં ડોશીને સાપ, વરુ, વગેરે જનાવરો મળ્યાં.

ડોશીએ ઉપર પ્રમાણે જવાબ આપ્યો.


ડોશી તો તેની દીકરીને ત્યાં ગઈ. દીકરી રોજ



રોજ ડોશીને સારું સારું ખવરાવે પિવરાવે પણ ડોશી સારી થાય નહિ,

પછી એક દિવસે ડોશીને તેની દીકરીએ પૂછ્યું : '' માડી ! ખાંતાંપીતાં તમે પાતળા કેમ પડતાં જાઓ છો ?''

ડોશી કહે : ''દીકરી, બાપુ ! હું તો પાછી ઘેર જઈશ ને, ત્યારે મને રસ્તામાં જનાવરો ખાઈ જવાનાં છે. મેં તેમને બધાંને કહ્યું છે કે, ''હું મારી દીકરીને ત્યાં જઈને પાછી આવું પછી મને ખાજો.''



દીકરી કહે : ''અરે માડી! એમાં તે બીઓ છો શું ? આપણે ત્યાં એક ભંભોટિયો છે તેમાં તમે બેસજો અને પછી ભંભો-ટિયાને દોડવતાં દોડવતાં લઈ જજો.''

ડોશી માટે તો એક ભંભોટિયો આણ્યો. પછી ડોશીમાં તેમાં બેઠાં અને ભંભોટિયો દડતો દડતો ચાલ્યો.

રસ્તામાં તેને વાઘ મળ્યો. ભંભોટિયાને જોઈને વાઘ કહે : ''ભંભોટિયા, ભંભોટિયા! ક્યાંય ડોશી દીઠાં?''

ભંભોટિયો કહે :

''કિસકી ડોશી, કિસકા કામ,
ચલ ભંભોટિયા અપને ગામ.''

વાઘ તો આ સાંભળી વિચારમાં પડચો : ''માળું, આ શું? આ ભંભોટિયામાં તે શું હશે?''

વાઘ તો ભંભોટિયાની પાછળ પાછળ ચાલ્યો. પછી સિંહ, સાપ વગેરે બીજાં જનાવર મળ્યાં અને ઉપર પ્રમાણે ભંભોટિયાને સૌએ પૂછ્યું પણ ભંભોટિયામાંથી એક જ જવાબ મળ્યો. આથી સૌ ભંભોટિયા પાછળ ચાલ્યાં.

છેવટે ભંભોટિયો ડોશીના ઘર પાસે આવ્યો. ડોશી તેમાંથી હળવેક દઈને બહાર નીકળી જવા જાય ત્યાં તો બધાં જનાવરો તેને ઓળખી ગયાં. સૌ કહે : ''ડોશી! તને અમે ખાઈએ. ડોશી! તને અમે ખાઈએ.''

ડોશી કહે : ''હા ચાલો; મને ખાઓ. પણ મને જરા પવન છોડવાનો વિચાર થયો છે, માટે હું પવન છોડી લઉં પછી મને ખાજો.''

બધાં જનાવરો કહે : ''સારું.''

પછી ડોશી એક રાખના ઢગલા ઉપર બેઠા. ડોશી નાસી ન જાય માટે બધાં જનાવરો તેની આસપાસ વીંટાઈને બેઠાં. ત્યાં તો ડોશીએ એવો તો પવન છોડયો કે સૌની આંખમાં રાખ ઊડી અને સૌ આંખો ચોળવા લાગ્યા. એટલામાં ડોશી એકદમ દોડીને ઘરમાં પેસી ગયાં અને બારણાં બંધ કરી દીધાં.

પછી જનાવરો બધાં નિરાશ થઈને પાછાં ચાલ્યાં ગયાં.



# કૂકડા – શિયાળની વાર્તા

એક હતો કૂકડો અને એક હતું શિયાળ. એક વખત બંનેને ભાઈબંધી થઈ. બંને જણે એક એક બોરડી રાખી. કૂકડો પોતાની બોરડીને રોજ પાણી પાય પણ શિયાળ તેની બોરડીને પાણી ન પાય, અને હંમેશ બોરડીના થડમાં મૂતરી જાય.

શિયાળની બોરડી સાવ સુકાઈ ગઈ; અને કૂકડાની બોરડીએ સારાં મજાનાં મીઠાં બોર આવ્યાં.

એક દિવસ કૂકડો પોતાની બોરડી પર ચડી બોર ખાતો હતો ત્યાં તો બોરડી નીચેથી શિયાળ નિકળ્યું.


શિયાળ કહે : ''કૂકડાભાઈ, કૂકડાભાઈ ! બોર આપો ને ?''

કૂકડાએ જવાબ આપ્યો : ''હું તો બોર નહિં આપું.''

આમ કહીને કૂકડાએ શિયાળના માથામાં બોરના ઠળિયા માર્યા.

શિયાળ ગુસ્સે થઈને તે વખતે ચાલ્યું ગયું.

પછી એક દિવસ બોરડી પાસે કૂકડો ન હતો એટલામાં શિયાળ આવ્યું. અને બોરડી પર ચડીને બોર ખાઈ ગયું.



કૂકડે આવીને શિયાળને પૂછ્યું : ''મારી બોરડીનાં બોર કેમ ખાધાં ?''

શિયાળ કહે : ''ખાધાં, ખાધાં ! અને વધારે બોલીશ તો તનેય ખાઈ જઈશ !''

એમ કહી શિયાળ કૂકડાને પણ હફહફ કરી ખાઈ ગયું.

પછી તો શિયાળ તો રોફ મારતું ચાલ્યું.

રસ્તામાં શિયાળને ડોશી મળી.

શિયાળે ડોશીને કહ્યું : ''ડોશી ! ડોશી ? તું મને છાણ આપ.''

ડોશી કહે : ''ચાલતું થા, ચાલતું. જો વધારે બોલીશ તો આ ઈંઢોણી મારીશ ને, તો તારું માથું ફૂટી જશે !''

શિયાળ કહે :

''ડોશી !<br>
કળશી ખાધાં કાચાં બોર,

કળશી ખાધાં પાકાં બોર;
એક ખાધો કૂકડો
ને હવે ખાઈશ તને.''

આમ બોલીને શિયાળ તો ડોશીને હફ્ફફ કરતું ગળી ગયું. પછી શિયાળ તો જાડું બની આમ આમ ફરતું રોફબંધ આગળ ચાલ્યું.

આગળ જતાં શિયાળને એક ખેડૂત મળ્યો. શિયાળે ખેડૂતને કહ્યું : ''ખેડૂત, ખેડૂત ! મને પાણી પા.''

ખેડૂત કહે: ''હું કાંઈ નવરો નથી. તું તારે માર્ગે ચાલ્યું જા, નહિતર મૂકીશ ને એક પરોણી તે જીવ નીકળી જશે !''

શિયાળ કહે :

''કળશી ખાધાં કાચાં બોર,
કળશી ખાધાં પાકાં બોર;
એક ખાધો કૂકડો
એક ખાધી ડોશી
ને હવે ખાઈશ તને.''

આમ બોલીને શિયાળ તો મોઢું ફાડી ખેડૂતને હોઈયાં કરી ગયું.

ત્યાંથી શિયાળ ઢેઢવાડે ગયું. જઈને ઢેઢને કહે : ''ઢેઢ, ઢેઢ ! હાડકું દે.''

ઢેઢ કહે : ''લે ભાઈ! રસ્તો પકડ.''

શિયાળ જરા દૂર જઈને હાડકું ખાવા બેઠું, ત્યાં હાડકું ગળે રહ્યું એટલે મરી ગયું.

શિયાળ મરી ગયાની ઢેઢને ખબર પડી એટલે શિયાળને ઢેઢે ચીર્યું. ત્યાં તો તેમાંથી ઘણાં બધાં બોર, 'કૂકરે કૂક' કરતો કૂકડો, ડોશી અને ખેડૂત નીકળી પડયાં.

પછી સૌ પોતપોતાના ઘેર ગયાં અને ખાધું પીધું ને મોજ કરી.

# સસાભાઈ સાંકળિયા

એક હતું શિયાળ અને એક હતો સસલો. બંને જણાને એક વાર ભાઈબંધી થઈ. બેઈ જણા એક વાર ગામ ચાલ્યા. રસ્તામાં બે મારગ આવ્યા. એક મારગ હતો ચામડાનો અને બીજો હતો લોઢાનો. શિયાળ કહે : ''હું ચામડાને રસ્તે ચાલું.'' પછી શિયાળ ચામડાને રસ્તે ચાલ્યું ને સસલો લોઢાને રસ્તે ચાલ્યો.

લોઢાને રસ્તે ચાલતાં એક બાવાની મઢી આવી. સસલાને તો ખૂબ ભૂખ લાગી હતી તેથી તે બાવાજીની મઢીમાં ગયો. મઢીમાં આમતેમ જોયું ત્યાં તો ભાઈને ગાંઠિયા ને પેંડા હાથ લાગ્યા. સસલાભાઈએ તો ખૂબ ખાધું ને પછી લાંબા થઈને મઢીનાં બારણાં બંધ કરીને સૂતા.

એટલામાં બાવો આવ્યો. ને મઢીનાં બારણાં બંધ જોઈને બાવાએ પૂછ્યું : ''મારી મઢીમાં કોણ છે?''

અંદરથી સસલાભાઈ તો ખૂબ રોફથી બોલ્યા :

''એ તો સસોભાઈ સાંકળિયા,
ડાબે પગે ડામ;
ભાગ બાવા,
નીકર તારી તુંબડી તોડી નાખું !''

બાવો તો બીને નાઠો. ગામમાં જઈને એક પટેલને તેડી આવ્યો.

પટેલ ઝૂંપડી પાસે જઈને બોલ્યો : ''બાવાજીની ઝૂંપડીમાં કોણ છે?''

અંદરથી રોફથી ફરી સસલાભાઈ બોલ્યા :

"એ તો સસોભાઈ સાંકળિયા,
ડાબે પગે ડામ;
ભાગ પટેલ,
નીકર તારી પટલાઈ તોડી નાખું !"

પટેલ પણ બીનો ને ભાગી ગયો. પછી પટેલ મુખીને તેડી આવ્યો. મુખી કહે : "કોણ છે ત્યાં બાવાજીની ઝૂંપડીમાં ?"

સૂતાં સૂતાં સસલાભાઈએ રોફબંધ કહ્યું :

"એ તો સસોભાઈ સાંકળિયા,
ડાબે પગે ડામ;
ભાગ મુખી,
નીકર તારું મુખીપણું ભાંગું !"



આ સાંભળીને મુખી પણ બીનો ને નાસી ગયો. પછી તો બાવાજી પણ ગયા.

બધા ગયા પછી સસલાભાઈ મઢીમાંથી બહાર નીકળ્યાં, શિયાળ ને મળ્યા ને બધી વાત કહી.

શિયાળને પણ ગાંઠિયાપેંડા ખાવાનું મન થઈ ગયું. તે કહે : "ત્યારે હું પણ મઢીમાં જઈને ખાઈ આવીશ."

સસલો કહે : ''પણ જો બાવો આવશે તો મઢીમાંથી બોલીશ કેમ ?''



શિયાળ કહે : 'હું પણ -

''એ તો શિયાળભાઈ સાંકળિયા,
ડાબે પગે ડામ;
ભાગ બાવા,
નીકર તારી તુંબડી તોડી નાખું !''

એમ બોલીશ.''

સસલો કહે : ''ઠીક જાઓ ત્યારે; લ્યો ગાંઠિયાપેંડાનો સ્વાદ!''

પછી તો શિયાળ તો અંદર ગયું. ત્યાં તો તરત જ બાવાજી આવ્યા અને બોલ્યા : ''મારી મઢીમાં કોણ છે ?''

શિયાળે હળવેકથી કહ્યું :

''એ તો શિયાળભાઈ સાંકળિયા,
ડાબે પગે ડામ;
ભાગ બાવા,
નીકર તારી તુંબડી તોડી નાખું !''

બાવાજી તો સાદ પારખી ગયા એટલે કહે ''ઓહો, આ તો શિયાળ છે !''

પછી બાવાજીએ બારણાં ખેડવ્યાં અને અંદર જઈ શિયાળને બહાર કાઢી ખૂબ ખૂબ માર માર્યો.

શિયાળભાઈને ગાંઠિયાપેંડા ઠીક મળ્યા !

# એક ચકલીની વાર્તા

એક હતી ચકલી. તે એક વાર રાજાના મહેલમાં ગઈ ત્યાંથી તેને એક ઢીંગલો જડ્યો. રાજાનો ઢીંગલો લઈ તે બોલવા લાગી :

''રાજાના  મહેલમાંથી મને ઢીંગલો જડ્યો

રાજાના મહેલમાંથી મને ઢીંગલો જડ્યો.''

રાજા આથી ગુસ્સે થઈ કહે : ''આંચકી લો એની પાસેથી ઢીંગલો.''

ઢીંગલો આંચકી લીધો એટલે ચકલી કહે :

''રાજાને ભૂખ પડી !
મારો ઢીંગલો આંચકી લીધો;
રાજાને ભૂખ પડી !
મારો ઢીંગલો આંચકી લીધો.''

રાજા કહે : ''અરે, આ તો આપણે લોભી ઠર્યા !'' એટલે કહે : ''આપી દો ચકલીને ઢીંગલો પાછો.''

ઢીંગલો પાછો આપી દીધો એટલે વળી ચકલી કહે :

''રાજા મારાથી બીનો,
મને ઢીંગલો આપી દીધો;
રાજા મારાથી બીનો,
મને ઢીંગલો આપી દીધો.''

રાજા ખિજાયો એટલે તેણે ચકલીને મારી નાખી અને તેના કટકેકટકા કરી નાખ્યા. પછી રાજા કહે : "નાખો એના કટકા પર હળદર, મીઠું ને મરચું એટલે હું એને ખાઈ જાઉં.!"

વળી ચકલી બોલી,

''આજ તો હું લાલ પીળી થઈ,
હું લાલપીળી થઈ;
આજ તો હું લાલપીળી થઈ,
હું લાલપીળી થઈ;

રાજા કહે : ''હજી તો ચકલી હાલે છે, માટે એને વઘારીને તળી નાખો એટલે બોલતી બંધ થાય.''

ચકલીને તો તેલમાં વઘારી એટલે વળી ચકલી બોલી :

''આજ તો હું છનનન થઈ,
હું છનનન થઈ;
આજ તો હું છનનન થઈ,
હું છનનન થઈ;

રાજા તો ઘણો ખિજાયો ને ખિજાતો ખિજાતો ચકલીને ખાવા લાગ્યો. ત્યાં ગળામાં જતાં જતાં ચકલી બોલી :

''આજ તો હું સાંકડી શેરીમાં ગઈ,
હું સાંકડી શેરીમાં ગઈ;

આજ તો હું સાંકડી શેરીમાં ગઈ,
હું સાંકડી શેરીમાં ગઈ;

રાજા કહે : ''ચાલો, જવા દો એને પેટમાં. પછી ક્યાંથી બોલશે ?

ચકલી તો પેટમાં ગઈ પણ ત્યાંથીય બોલ્યા વિના ન રહી તે બોલી :

''આજ તો હું રાજમહેલમાં ગઈ,
હું રાજમહેલમાં ગઈ;
આજ તો હું રાજમહેલમાં ગઈ,
હું રાજમહેલમાં ગઈ;

રાજા તો બહુ જ ગુસ્સે થયો. પછી પોતે દિશાએ જવા બેઠો ત્યારે સિપાઈઓને આસપાસ ઊભા રાખ્યા અને તેમને કહ્યું :

''જ્યારે ચકલી બહાર નીકળે ત્યારે તેને કાપી નાખજો.''



રાજા દિશાએ બેઠો ને ફરતા ઉઘાડી તલવારે સિપાઈઓ ઊભા રહ્યા. ત્યાં તો ચકલી નિકળી ને રાજાના વાંસા પર બેઠી. સિપાઈઓ

જ્યાં તલવાર ચકલીને મારવા ગયા ત્યાં તો ચકલી ભરરર કરતી ઊડી ગઈ અને રાજાનો વાંસો કપાઈ ગયો !

પછી ચકલી એક ઝાડ ઉપર બેઠી બેઠી બોલવા લાગી :

''મને તો કાંઈ ન થયું,
પણ રાજાનો તો વાંસો કપાયો;
મને તો કાંઈ ન થયું,
પણ રાજાનો તો વાંસો કપાયો !''



# વાદીલો કાગડો

એક હતી કાબર ને એક હતો કાગડો. કાગડાભાઈ વાદીલા; કાબર જે કરે તે પોતે કરે !

એક દિવસ કાબર નાહીધોઈને જઈને પીપળે બેઠી.

ઊંચું જોયું તો આંખમાં આંજણ.

નીચું જોયું તો પગમાં ઝાંઝર.

ખાડામાં હાથ નાખ્યો તો વીંટી જડી.

ખડમાં હાથ નાખ્યો તો રૂપિયા જડ્યા.

રેતીમાં હાથ નાખ્યો તો હીરા જડ્યા.

પાદર ગઈ ત્યાં ગાડીઘોડા મળ્યાં !

કાગડો પણ નાહીધોઈને બાવળને ઝાડે બેઠો, પણ ચાંચમાં નરક રહી ગયેલું.

ઊંચું જોયું તો આંખ ફૂટી.

નીચું જોયું તો પગ ભાંગ્યા.

ખાડામાં હાથ નાખ્યો તો વીંછી કરડ્યો.

ખડમાં હાથ નાખ્યો તો એરુ કરડ્યો.

રેતીમાં હાથ નાખ્યો તો ઝાંઝરું કરડ્યું.

પાદર ગયો ત્યાં મરી ગયો !

# ચકલી અને કાગડો

એક હતી ચકલી ને એક હતો કાગડો. ચકલીનું ઘર મીણનું અને કાગડાનું ઘર છાણનું.

એક દિવસ વરસાદ આવ્યો. આવ્યો આવ્યો, તે બસ આવ્યા જ કર્યો! સડસડ સડસડ, સડસડ સડસડ!

પાણી ખળખળ વહેવા લાગ્યું. જ્યાં જુઓ ત્યાં એકલું પાણી પાણી!

ચકલીનું ઘર તો હતું મીણનું; બારણું બંધ કર્યું કે અંદર કોરું ધાકોર.

પણ કાગડાનું ઘર તો હતું છાણનું; છાણનું ઘર તો તણાઈ ગયું.

બિચારો કાગડો ઊડીને ડાળ પર બેઠો. સામી જ ડાળ ઉપર ચકલીબાઈનું ઘર. કાગડાભાઈની નજર ત્યાં ગઈ. મનમાં કહે : ''ચાલ ને ચકલીના ઘરમાં રાત ગાળું!''

કાગડો તો એના બારણા પાસે ગયો ને સાંકળ ખખડાવી : ''ચકલીબેન, ચકલીબહેન! બાર ઉઘાડો.''

ચકલી કહે : ''થોભ જરા; મારા બાળકને નવડાવું છું.''

કાગડો તો થોડી વાર બેઠો પણ ફરી પાછો ખડખડ

ખડખડ સાંકળ ખખડાવવા લાગ્યો : ''ચકલીબાઈ, ચકલીબાઈ ! જરા બાર ઉઘાડો ને ?''

ચકલી કહે : ''થોભ જરા; હજી મારા બાળકને ઝૂગડાં પહેરાવું છું.''

કાગડો બિચારો બેઠો બેઠો થોડી વારે પાછો ખડખડ કરી કહે : ''ચકલીબાઈ, ચકલીબાઈ ! બાર ઉઘાડો.''

ચકલી કહે : ''થોભ જરા : હજી મારા બાળકને જમાડું છું.''

કાગડો જરા બેઠો; થોડી વારે પાછું ખડખડ કાગડો કહે : ''ચકલીબાઈ, ચકલીબાઈ ! બાર ઉઘાડો.''

ચકલી કહે : ''થોભ જરા; હજી મારા બાળકને સુવાડું છું.''

કાગડો તો બેઠો.

ફરી પાછું ખડખડ કાગડો કહે : ''ચકલીબહેન ચકલીબહેન ! બાર ઉઘાડો.''

છેવટે ચકલીબાઈએ બારણું ઉઘાડ્યું. કાગડો તો ટાઢથી એકદમ ઠરી ગયો હતો.

ચકલી કહે : ''ક્યાં બેસીશ ? ચોખાના હાંડલામાં કે ઘઉંના હાંડલામાં ?''

કાગડો કહે : ''દાળના.''

રાત્રે સૌ ઊંઘી ગયાં એટલે કાગડાભાઈ દાળ ખાવા લાગ્યા : ''કડુક કડુક !''


ચકલી જાગી ગઈ. કહે : ''આ કડુક કડુક ક્યાં થાય છે?''

ચકલી ચારેકોર જોવા લાગી. પણ ત્યાં તો અવાજ બંધ થયો.

ચકલી ખાટલે જઈને સૂતી. ત્યાં તો ફરી અવાજ થવા લાગ્યો : ''કડુક કડુક !''

ચકલીએ વળી ઊઠીને ચારેકોર તપાસ્યું.

પણ ત્યાં તો અવાજ બંધ !



વારે વારે 'કડુક કડુક' થાય અને ચકલી જોવા ઊઠે; પણ જ્યાં ઊઠે ત્યાં તો પાછું ટાઢુંટમ.

સવાર પડી એટલે કાગડાભાઈ તો ''કૉ કૉ ! કરતા ઊડી ગયા.

ચકલીએ જઈને માટલમાં જોયું તો દાળનો એક દાણો પણ ન મળે, ને આખુંયે માટલું ચરકથી ભર્યું હતું !''

# આનંદી કાગડો

એક કાગડો હતો. તે એક વાર રાજાના વાંકમાં આવ્યો, એટલે રાજાએ તેના માણસોને કહ્યું : ''જાઓ; આ કાગડાને ગામના કૂવાને કાંઠે ગારો છે તેમાં નાખી ખૂંતાડીને મારી નાખો.''

કાગડાને રાજાજીના હુકમ પ્રમાણે ગારામાં નાખવામાં આવ્યો. કાગડાભાઈ તો ગારામાં ખૂંત્યાં ખૂંત્યાં આનંદથી બોલવા લાગ્યા.

''ગારામાં લપસણુ કરતાં શીખીએ છીએ, ભાઈ !
ગારામાં લપસણું કરતાં શીખીએ છીએ.''

રાજા અને તેના માણસો તો નવાઈ પામ્યા કે આ કાગડો ખૂંતવાથી દુ:ખી થવાને બદલે આનંદથી કેમ બોલે છે? રાજાને ક્રોધ ચડયો અને બીજો હુકમ કર્યો : ''નાખો એને કૂવામાં, એટલે ડૂબીને મરી જાય.''

કાગડાને કૂવામાં નાખ્યો.

''કૂવામાં તરતાં શીખીએ છીએ, ભાઈ !
કૂવામાં તરતાં શીખીએ છીએ.''

રાજા કહે : ''હવે તો આ કાગડાને આથી વધારે સખત શિક્ષા કરવી જોઈએ.''

પછી તો કાગડાને કાંટાના એક મોટા એવા જાળામાં નખાવ્યો.



પણ કાગડાભાઈ તો એના એ જ રહ્યા. વળી પાછા આનંદી સૂરે ગાતાં ગાતાં બોલ્યા :

''કૂણા કાન વીંધાવીએ
છીએ, ભાઈ ! કૂણા
કાન વીંધાવીએ છીએ.''

રાજા કહે : ''કાગડો તો ભારે જબરો ! ગમે તે દૂઃખમાં એને દુઃખ તો થતું જ નથી. ચાલો જોઈએ, હવે સુખ થાય એવે ઠેકાણે નાખવાથી એને દુઃખ થાય છે ?''

પછી કાગડાભાઈને એક તેલની કોઠીમાં નાખ્યા.

કાગડાભાઈને તો એ પણ સવળું જ પડ્યું. ખુશ થઈને બોલ્યા :

''તેલ કાને મૂકીએ છીએ, ભાઈ !
તેલ કાને મૂકીએ છીએ.''

પછી તો રાજાએ કાગડાને ઘીના કુડલામાં નાખ્યો. એમાં પડ્યો પડ્યો પણ કાગડો તો બોલ્યો :

''ઘીના લબકા ભરીએ છીએ, ભાઈ !
ઘીના લબકા ભરીએ છીએ.''

રાજા તો ખૂબ ખિજાયો ને કાગડાને ગોળની કોઠીમાં નખાવ્યો. કાગડાભાઈ તો પાછા મજાથી બોલ્યા :

''ગોળનાં દબડાં ખાઈએ છીએ, ભાઈ !
ગોળનાં દડબાં ખાઈએ છીએ.''

પછી રાજાએ કાગડાને ખોરડાની ઉપર ફેંકયો, પણ ત્યાં બેઠાં બેઠાં કાગડો કહે :

''નળિયાં ચાળતાં શીખીએ છીએ, ભાઈ !
નળિયાં ચાળતાં શીખીએ છીએ.''

છેવટે થાકીને રાજા કહે : ''આ કાગડાને આપણે શિક્ષા કરી શકશું નહિ. એને મનથી કોઈ દુ:ખ લાગતું નથી. માટે એને હવે ઉડાડી મૂકો.''

હવે પછી કાગડાને ઉડાડી મૂકયો.




# અદેખી કાબરની વાર્તા

એક હતો રાજા.

તેણે એક પોપટ પાળ્યો.

પોપટ હંમેશાં મીઠું મીઠું બોલે અને રાજાને ખુશ કરે.

રાજાએ તેને માટે એક સોનાનું સુંદર પાંજરું ઘડાવ્યું અને હીરામાણેકની નાની નાની બે વાટકીઓ કરાવી.



પોપટના પાંજરા સામે રોજ રોજ એક કાબર આવીને બેસે ને પોપટના પાંજરાની અદેખાઈ કરે. તે મનમાં મનમાં બોલે : ''મારે આવું પાંજરું હોય તો કેવું સારું ?''

એક વાર પોપટનું પાંજરું ઉઘાડું રહી ગયેલું અને પોપટ ઊડી ગયેલો.

કાબર કહે : ''લાવ ને હું જ અંદર બેસી જાઉં !''

કાબર તો બેસી ગઈ.

રાજા તો સવારમાં વહેલો આવ્યો ને પોપટ જાણી હંમેશની પેઠે પઢાવવા લાગ્યો.

પણ પાંજરામાં તો કાબર હતી, ને એને કાંઈ પોપટ જેમ પઢતાં આવડે નહિ.

રાજા કહે: ''પોપટ પઢતો કેમ નથી?''

પણ પોપટ હોય તો પઢે ને?

રાજા ખિજાયો ને એક લાકડી લાવી પાંજરામાં ઘોંકાવવા લાગ્યો.

છેવટે કાબર થાકીને બોલી :

''ઘોંકાઘોંકી મા કર રાજા,
ઘોંકે અમે મરીએ;
સરવા સાદવાળો તો ઊડી ગયો,
કહે તો કલબલ કલબલ કરીએ.''

રાજા કહે : ''અરે ! આ તો કાબર !''

પછી રાજાએ કાબરને લાકડીના બે ઘોકા મારીને કાઢી મૂકી અને પોપટ આવીને પાછો પાંજરામાં બેસી ગયો.

## કચેરીમેં જાઊંગા

એક હતો ઉંદર. એક વાર તે ગામમાં જતો હતો. ત્યાં રસ્તા ઉપરથી તેને એક લૂગડાનો કટકો જડયો. આગળ ચાલ્યો ત્યાં એક દરજીની દુકાન આવી. દરજી સામે જોઈ તેણે કહ્યું : ''અરે એ દરજી ! આ લૂગડાની જરા ટોપી સીવી દેજે; સારી મજાની સીવજે, હો !''

દરજીએ કહ્યું : ''ઈ કોણ છે વળી ?''

ઉંદર કહે : ''એ તો હું ઉંદર છું; આ જરા ટોપી સીવી દે, ટોપી ! વાર કેમ લગાડે છે ?''

દરજી કહે : ''ચાલતો થા, ચાલતો. આ ગજ ઉપાડીને મારીશ ના, તો મરી જઈશ, મરી !''

ઉંદર કહે : ''શું બોલ્યો ? આ ટોપી સીવી દે છે કે નહિ ? કેમ; નથી સીવી દેવી ? જોજે હો ટોપી સીવી નહિં દે તો ---

''કચેરીમેં જાઊંગા.
સિપાઈકું બુલાઊંગા;
બડે માર દેઊંગા,
તમાસા દેખૂંગા.''

દરજી કહે : ''શું બોલ્યો, ઉંદરડા ! ફરી બોલ જોઈએ, ફરી !''

ઉંદર કહે :

''કચેરીમેં જાઊંગા.
સિપાઈકું બુલાઊંગા;

બડે માર દેઊંગા,
તમાસા દેખૂંગા.''

દરજી તો એકદમ બી ગયો ને બોલ્યો : ''ભાઈશા'બ ! કચેરીમાં જઈશ મા. લાવ તારું લૂગડું : તને ઝટ ઝટ ટોપી સીવી દઉં.''

પછી ઉંદરને ટોપી સીવી દીધી; એટલે ઉંદરભાઈ ટોપી પહેરીને રોફમાં ને રોફમાં ચાલ્યા. આગળ ગયા ત્યાં એક ભરત ભરનારની દુકાન આવી. ભરત ભરનારની સામે જોઈને ઉંદરે કહ્યું : ''અબ એ ભરત ભરવાવાલા ! આ ટોપીમાં જરા ભરત ભરી દેજે.''

ભરત ભરવાવાળાએ ઉંદરની સામે જોયું અને કહ્યું : ''કોણ, ઈ ઉંદરડો છે કે ? ચાલતો થા, ચાલતો. અહીં કોણ નવરો બેઠો છે ભરત ભરવા ?''

ઉંદર કહે : ''કેમ, ભરત ભરી દેવું છે કે નહિ ? ભરત ભરી દેવું જ પડશે. આ ઉંદરભાઈને ઓળખે છે ?''

ભરતવાળો કહે : ''હવે ચાલ્યો જા, ચાલ્યો. આ સોય મારીશ ના, તો મરી જઈશ, મરી !''

ઉંદર કહે : ''એમ કે ? ઠીક છે ત્યારે, તો તને ખબર પાડીશ.''

''કચેરીમેં જાઊંગા.
સિપાઈકું બુલાઊંગા;
બડે માર દેઊંગા,
તમાસા દેખૂંગા.''

ભરતવાળો કહે : ''ભાઈશા'બ ! કચેરીમાં જઈશ મા અને સિપાઈને બોલાવીશ મા. લાવ તારી ટોપી; ઝટ ભરત ભરી દઉં.''

ઉંદરભાઈ તો ટોપીને ભરત ભરાવી માથે ઓઢી રોફમાં ચાલ્યા. આગળ જતાં એક મોતીવાળાની દુકાન આવી. ત્યાં ઉંદરે મોતીવાળાની સામે જોઈને કહ્યું : ''અરે, એ મોતીવાળા ! દેખે છે કે? આ ટોપીમાં જરા મોતી ભરી દે, મોતી.''

મોતીવાળાએ ચિડાઈને કહ્યું : ''કેમ, મોતી કાંઈ મફતબફત આવે છે? મોતીના તો પૈસા પડે છે. પૈસા.''

ઉંદર કહે : ''એમ? પૈસા પડે છે, ખરું કે? ઠીક છે, તને પણ જોઈ લઉં છું.

''કચેરીમેં જાઊંગા.<br>
સિપાઈકું બુલાઊંગા;<br>
બડે માર દેઊંગા,<br>
તમાસા દેખૂંગા.''

મોતીવાળો તો એકદમ ડરી ગયો ને બોલ્યો : ''અરે ભાઈ! કચેરીમાં જાશો મા અને સિપાઈને બોલાવશો મા. હમણાં જ ટોપીમાં મોતી ભરી આપું છું.''

પછી ઉંદરભાઈ મોતી ભરેલી ટોપી પહેરીને ચાલ્યા. રસ્તા ઉપર એક ડમરુ વેચવાવાળો બેઠો હતો તેની પાસેથી ઉંદરે ડમરુ માગ્યું, એટલે તેણે તુરત જ ડમરુ આપી દીધું. પછી ઉંદરભાઈ માથે ટોપી ઓઢીને ડમરુ વગાડતા વગાડતા

"ઢુમ ઢુમ ઢુમાક,
ઢુમ ઢુમ ઢુમાક,
ઢુમ ઢુમ ઢુમાક"

કરતા ચાલ્યા.

રાજાના મહેલ આગળ થઈને ઉંદરભાઈ જતા હતા ત્યાં તેણે રાજાને જોયો. એટલે ઉંદરભાઈ બોલ્યા:

"રાજા કરતાં મારી ટોપી સારી, સારી;
રાજા કરતાં મારી ટોપી સારી, સારી."

(રાજા પેક્ષાં માઝી ટોપી ચાંગલી, ચાગલી;
રાજા પેક્ષાં માઝી ટોપી ચાંગલી, ચાંગલી.)

રાજા કહે: "આ વળી કોણ? મારા કરતાં ઉંદરડાની ટોપી સારી કહે છે? એલા લઈ લો એની ટોપી!

ઉંદરની ટોપી સિપાઈઓએ લઈ લીધી એટલે ઉંદરભાઈ ડમરુ વગાડતાં વગાડતાં બોલ્યા:

"રાજા ભીખારી, મારી ટોપી લીધી;
રાજા ભીખારી મારી ટોપી લીધી;"

"ઢુમ ઢુમ ઢુમાક, ઢુમ ઢુમ ઢુમાક,
ઢુમ ઢુમ ઢુમાક, ઢુમ ઢુમ ઢુમાક,"

(રાજા ભિખારી, માઝી ટોપી ઘેતલી;
રાજા ભિખારી, માઝી ટોપી ઘેતલી.)

રાજા કહે: "હું કાંઈ ભિખારી નથી! આપી દો એને એની ટોપી પાછી!"

રાજાએ ઉંદરને ટોપી પાછી આપી દીધી એટલે ઉંદર કહે :



''રાજા મારાથી બીનો,
મારી ટોપી દીધી;
રાજા મારાથી બીનો,
મારી ટોપી દીધી!''

(રાજા માલા ભ્યાલા
માઝી ટોપી દીલી;
રાજા માલા ભ્યાલા,
માઝી ટોપી દીલી.)

''ડુમ ડુમ ડુમાક,
ડુમ ડુમ ડુમાક;
ડુમ ડુમ ડુમાક,
ડુમ ડુમ ડુમાક.''

પછી ઉંદરભાઈ તો ડમરુ વગાડતા વગાડતા અને ઉપર પ્રમાણે બોલતા બોલતા ચાલ્યા ગયા.




☆ ○ ☆

# બિલાડીની જાત્રા

એક હતી બિલાડી. તે રોજ એક ભરવાડના ઘરમાં આવે ને ઘરમાં કોઈ ન હોય ત્યારે કોઠલામાં પેસી ઘી ખાઈ જાય.

પણ એક દિવસ ભરવાડ બિલાડીને ઘી ખાતાં દેખી ગયો. ભરવાડ તો એને મારવા દોડયો. બિલાડીનું મોઢું અને માથું ગાડવામાં હતાં. બિલાડીને બીક લાગી એટલે તે એકદમ દોડી, પણ ઉતાવળમાં ગાડવામાંથી માથું કાઢી શકી નહિ તેથી ગાડવો એના માથામાં રહી ગયો.

દોડતાં દોડતાં બિલાડી થાંભલી સાથે ભટકાઈ તેથી ગાડવો તો ફૂટી ગયો. પણ ડોકમાં ગાડવાનો કાંઠો રહી ગયો.



બિલાડીબાઈના ગળામાં તો કાંઠો રહી ગયો અને પોતે આગળ ચાલ્યાં. રસ્તામાં પારેવાં મળ્યાં.

પારેવાં કહે : ''બિલ્લીબાઈ, બિલ્લીબાઈ ! ક્યાં ચાલ્યાં ?''

બિલ્લી કહે : ''જાત્રા કરવા.''

પારેવાં કહે : ''આ ગળામાં શું છે ?''

બિલ્લી કહે : ''એ તો માળા છે.''

પારેવાં કહે : ''અમે સાથે આવીએ ?''

બિલ્લી કહે : ચાલોને ! જાત્રા કરવા આવશો તો પૂણ્ય થશે.''

પારેવાં કહે : ''પણ અમને મારશો તો નહિ ના ?''

બિલ્લી કહે : ''ના રે ! મારાથી તમને મરાય ? હું તો ભગત થઈ છું. જુઓ ને, મારા ગળામાં તો માળા છે, ને હું તો જાત્રાએ જાઉં છું.''

પછી પારેવાં બિલ્લીબાઈની સાથે ચાલ્યાં. રસ્તામાં એક ઉંદર મળ્યો. ઉંદર તો ડાકલી વગાડતો વગાડતો બેઠો હતો. તેણે પૂછ્યું : ''બિલ્લીબાઈ, બિલ્લીબાઈ ક્યાં ચાલ્યા ?''

બિલ્લી કહે : ''જાત્રા કરવા.''

ઉંદર કહે : ''ગળામાં શું છે ?''

બિલ્લી કહે : ''એ તો માળા છે.''

ઉંદર કહે : ''હું સાથે આવું ?''

બિલ્લી કહે : ''ચાલ ને ભાઈ ! જાત્રા કરવા આવીશ તો પુણ્ય થશે.''

ઉંદર કહે : ''પણ અમને મારશો તો નહિ ના?''

બિલ્લી કહે : ''ના રે ભાઈ! મારાથી તે હવે કોઈને મરાય? હું તો હવે ભગત થઈ છું. જો ને, મારા ગળામાં માળા છે, ને હું તો જાત્રાએ જાઉં છું.''

પછી ઉંદર બિલ્લીબાઈ સાથે જાત્રાએ ચાલ્યો. આગળ જતાં બિલ્લીબાઈને એક મોર મળ્યો. મોર બિલાડીને કહે : ''બિલ્લીબાઈ બિલ્લીબાઈ ક્યાં ચાલ્યાં?''

બિલ્લી કહે : ''જાત્રા કરવા.''

મોર કહે : ''આ ગળામાં શું છે?

બિલ્લી કહે : ''એ તો માળા છે.''

મોર : ''હું સાથે આવું?''

બિલ્લી કહે : ''ચાલ ને ભાઈ! જાત્રા કરવા આવીશ તો પૂણ્ય થશે.''

મોર કહે : ''મને મારીશ તો નહિ ના?''

બિલ્લી કહે : ''ના રે ભાઈ! મારાથી તે હવે કોઈને મરાય? હું તો હવે ભગત થઈ છું. જો ને, મારા ગળામાં માળા છે, ને હું તો જાત્રાએ જાઉં છું.''

પછી મોર પણ બિલ્લીબાઈ સાથે જાત્રેએ ચાલ્યો. બધાંય સાથે ચાલ્યાં. ચાલતાં ચાલતાં એક મહાદેવની

દેરી પાસે આવ્યાં. સાંજ પડી ગઈ હતી એટલે સૌ દેરીમાં રાત રહ્યાં.

પારેવાં, ઉંદર અને મોર તો રસ્તામાં ચણતાં અને ખાતાં અવતાં હતાં. પણ બિલ્લીબાઈને તો નકોરડો અપવાસ હતો. પોતે તો ભગત બની હતી એટલે કેમ ખવાય?

ભૂખી બિલાડીએ એથી બધાંને ખાંઈ જવાનો વિચાર કર્યો. તેણે સૌને કહ્યું:

''તમે સૌ દેરીમાં સૂઓ. હું બહાર સૂઈશ ને તમારી ચોકી કરીશ.''

બધાંય ઊંઘી જાય ત્યારે તેમને ખાઈ જવાનો વિચાર બિલ્લીબાઈના મનમાં હતો.

અડધી રાત થઈ. બિલ્લીબાઈના મનમાં થયું કે હવે સૌ સૂઈ ગયાં હશે. તે હળવે હળવે દેરીમાં ગઈ, ત્યાં સૌ જાગતાં હતાં. તેમને મીનીબાઈની બીક તો હતી જ!


પછી બિલાડીએ એક પારેવાને રોફથી કહ્યું: ''ડોળા કોના ઉપર કાઢે છે?''

પારેવું ગભરાઈ ગયું, ને તેણે કહ્યું : ''કોઈના ઉપર નહિ, બિલ્લીબાઈ!''

પછી બિલાડી મોર પાસે ગઈને તેને કહ્યું : ''આ ફૂમકું કોના ઉપર લગાવ્યું છે?''

મોરે પણ બીતાં બીતાં કહ્યું : ''કોઈના ઉપર નહિ, બિલ્લીબહેન!''

પછી બિલાડી ઉંદર પાસે ગઈ ને તેને કહ્યું : ''કોના ઉપર મુછ મરડે છે?''



ઉંદર કહે : ''કોના ઉપર કેમ ? મીનીબાઈ ભક્તાણી ઉપર મૂછ મરડું છું!''

બિલાડી ખૂબ ખિજાઈને ઉંદરને મારવા દોડી. જ્યાં બિલાડી ઉંદરભાઈને મારવા જાય છે ત્યાં તો ઉંદરભાઈ શંકરના થાળાની ખાળમાં પેસી ગયા; તે જ વખતે પારેવાં ઊડીને ઊંચે બેસી ગયાં અને મોર મંદિરની બહાર નાસી ગયો.

બિલ્લીબાઈ તો મોં વકાસીને ભૂખ્યાં ભૂખ્યાં ઊભાં રહ્યાં!

# વાણિયો અને કાગડો

એક કાગડો હતો. તે રોજ વાણિયાના છોકરાના હાથમાંથી પૂરી લઈ જાય. વાણિયો ખિજાયો. તેણે વિચાર કર્યો કે આ કાગડાને એવી શિક્ષા કરવી કે પૂરી લેતો ભૂલી જાય.

પછી એક વાર વાણિયો મોઢામાં દહીં ભરીને ગામની બહાર એક વડ હતો તેની નીચે જઈને સૂતો અને મરી ગયાનો ઢોંગ કર્યો; આંખો ફાડી રાખી, ને હાલતોચાલતો બંધ થઈ ગયો.

પેલો કાગડો ઊડતો ઊડતો ત્યાં આવ્યો.

કાગડે વિચાર્યું : ''આ વાણિયો મરી ગયો લાગે છે. માટે હવે દહીં ખાઈએ.''

કાગડાભાઈ જ્યાં વાણિયાના મોમાં ચાંચ નાખવા જાય ત્યાં વાણિયે મોઢું બંધ કરી દીધું ને કાગડાભાઈને મજબૂત પકડી રાખ્યા. કાગડે વિચાર્યું કે હવે છૂટી જવાની કંઈક યુક્તિ કરવી જોઈએ. એટલે કાગડે વાણિયાને પૂછ્યુ : ''કોણ, કાકો નંદ કે?''

વાણિયે વિચાર્યુ કે જો જવાબ દઈશ તો મોઢું

ઊઘડશે અને કાગડો ઊડી જશે. એટલે બરાબર દાંત ભીંસીને તે બોલ્યો : ''હુંઉં, કાકા હુંઉં.''



આથી તો કાગડાની ચાંચ ખૂબ દબાઈ અને કાગડો મરવા જેવો થઈ ગયો !

વાણિયે ધાર્યું કે હવે શિક્ષા બહુ થઈ માટે એને છોડી દઈએ. પછી એણે કાગડાને છોડી દીધો.

ફરી વાર કાગડો વાણિયાના છોકરાના હાથમાંથી પૂરી લેતો ભૂલી ગયો.

# પોપટ ને કાગડો

એક હતો પોપટ.

પોપટ બહુ જ ભલો ને ડાહ્યો હતો.

એક દિવસ પોપટને એની મા કહે : ''ભાઈ કમાવા જા ને?'',

પોપટ તો ''ઠીક'' કહીને કમાવા ચાલ્યો.

ચાલતાં ચાલતાં ખૂબ દૂર ગયો ત્યાં એક મોટું સરોવર આવ્યું. સરોવરની પાળે એક મજાનો આંબો હતો તેના ઉપર પોપટ બેઠો.

આંબે કાચી અને પાકી ઘણી બધી કેરીઓ આવેલી. પોપટ કેરીઓ ખાય, આંબાડાળે હીંચકે ને ટૌકા કરે. ત્યાં ત્યાંથી એક ગાયોનો ગોવાળ નીકળ્યો. પોપટ ગાયોના ગોવાળને કહે :

''એ ભાઈ, ગાયોના ગોવાળ,
ભાઈ, ગાયોના ગોવાળ !
મારી માને એટલું કહેજે;
પોપટ ભૂખ્યો નથી;
પોપટ તરસ્યો નથી;
પોપટ આંબાની ડાળ;
પોપટ સરોવરની પાળ;
પોપટ કાચી કેરી ખાય;
પોપટ પાકી કેરી ખાય;
પોપટ ટૌકા કરે.''

ગોવાળ કહે : ''બાપુ ! આ ગાયો રેઢી મૂકીને હું તે તારી બાને કહેવા ક્યાં જાઉં? તારે જોઈતી હોય તો આમાંથી એક સારી મજાની ગાય લઈ લે.''



પોપટે તો એક ગાય લીધી ને આંબાને થડે બાંધી દીધી.

થોડીક વાર થઈ ત્યાં તો ત્યાંથી ભેંશોનો ગોવાળ નિકળ્યો. પોપટ ભેંશોના ગોવાળને કહે :

''એ ભાઈ, ભેંશોના ગોવાળ,
ભાઈ, ભેંશોના ગોવાળ !
મારી માને એટલું કહેજે;
પોપટ ભૂખ્યો નથી;
પોપટ તરસ્યો નથી;
પોપટ આંબાની ડાળ;
પોપટ સરોવરની પાળ;
પોપટ કાચી કેરી ખાય;
પોપટ પાકી કેરી ખાય;
પોપટ ટૌકા કરે.''

ભેંશોના ગોવાળ કહે : ''બાપુ ! મારાથી તો કહેવા નહિ જવાય. તારે જોઈએ તો આમાંથી એક પાડિયાળી ભેંશ લઈ લે.''

પોપટે તો એક સારી મજાની ભેંશ લીધી ને આંબાને થડે બાંધી.

થોડીક વાર થઈ ત્યાં તો બકરાંનો ગોવાળ નિકળ્યો. પોપટ બકરાંના ગોવાળને કહે :

"એ ભાઈ, બકરાંના ગોવાળ,
ભાઈ, બકરાંના ગોવાળ !
મારી માને એટલું કહેજે;
પોપટ ભૂખ્યો નથી;
પોપટ તરસ્યો નથી;
પોપટ આંબાની ડાળ;
પોપટ સરોવરની પાળ;
પોપટ કાચી કેરી ખાય;
પોપટ પાકી કેરી ખાય;
પોપટ ટૌકા કરે.''

બકરાંનો ગોવાળ કહે : ''અરે બાપુ ! આ બકરાં રેઢાં મૂકીને મારાથી તારી માને કહેવા નહિ જવાય. તારે જોઈએ તો બેચાર બકરાં લઈ લે.''

પોપટે તો બેચાર રૂપાળાં બકરાં લઈ લીધાં ને આંબાને થડે બાંધી દીધાં.

વળી ત્યાંથી ઘેટાંનો ગોવાળ નિકળ્યો પોપટ ઘેટાંના ગોવાળને કહે :

''એ ભાઈ, ઘેટાંના ગોવાળ,
ભાઈ, ઘેટાંના ગોવાળ !
મારી માને એટલું કહેજે;
પોપટ ભૂખ્યો નથી;
પોપટ તરસ્યો નથી;
પોપટ આંબાની ડાળ;
પોપટ સરોવરની પાળ;
પોપટ કાચી કેરી ખાય;

પોપટ પાકી કેરી ખાય;
પોપટ ટૌકા કરે.''

ઘેટાંના ગોવાળ કહે : ''અરે બાપુ! આ ઘેટાં રેઢાં મૂકીને મારાથી તારી માને કહેવા કેમ જવાય? જોઈએ તો ચારપાંચ ઘેટાં લઈ લે.''

પોપટે તો ચારપાંચ ઘેટાં લઈને આંબાને થડે બાંધ્યાં.

પછી ત્યાંથી ઘોડાનો ગોવાળ, હાથીનો ગોવાળીને સાંઢિયાનો ગોવાળ નીકળ્યા.

ઘોડાના ગોવાળે પોપટને એક ઘોડો આપ્યો. હાથીના ગોવાળે પોપટને એક હાથી આપ્યો, ને સાંઢિયાના ગોવાળે પોપટને એક સાંઢિયો આપ્યો.

પછી પોપટ તો ગાય, ભેંશ, બકરાં, ઘેટાં, ઘોડો, હાથી ને સાંઢિયો, બધાંયને લઈને એક મોટા શહેરમાં આવ્યો. બધાંયને વેચી નાખ્યાં એટલે એને તો ઘણા બધા રૂપિયા મળ્યા. થોડાક રૂપિયાનું એણે સોનુંરૂપું લીધું ને તેના ઘરેણાં ઘડાવ્યાં.

પછી એણે ઘરેણાં નાકમાં કાનમાં ને ચાંચમાં પહેર્યા; બીજા રૂપિયાને પાંખમાં ને ચાંચમાં ભર્યા.

પછી પોપટભાઈ ઘર ભણી ચાલ્યા.

આવતાં આવતાં મોડી રાત થઈ ગઈ. ઘરનાં બધાં ઊંઘી ગયાં હતાં. પોપટે તો સાંકળ ખખડાવી માને સાદ કરીને કહ્યું :

''મા, મા! બારણાં ઉઘાડો;
બારણાં ઉઘાડો.
પાથરણાં પથરાવો;
ઢોલીડા ઢળાવો;
શરણાઈઓ વગડાવો;
પોપટભાઈ પાંખ ખંખેરે.''

માને થયું કે પોપટ અત્યારે ક્યાંથી હોય? એ તો કોઈ ચોરબોર હશે ને ખોટું ખોટું બોલતો હશે.

એણે તો બારણું ઊઘાડ્યું નહિ.

પછી પોપટ તો કાકીને ઘેર ગયો. કાકીને જઈને કહે :

''કાકી, કાકી! બારણાં ઉઘાડો;
બારણાં ઉઘાડો.
પાથરણાં પથરાવો;
ઢોલીડા ઢળાવો;
શરણાઈઓ વગડાવો;
પોપટભાઈ પાંખ ખંખેરે.''

કાકીએ સૂતાં સૂતાં સંભળાવી દીધું. ''અત્યારે તો કોઈ ઊઘાડતું નથી. આવવું હોય તો સવારે આવજે.''

પછી પોપટ તો પોતાની બહેનને ત્યાં ગયો. જઈને કહે :

''બહેન, બહેન! બારણાં ઉઘાડો;
બારણાં ઉઘાડો.

પાથરણાં પથરાવો;
ઢોલીડા ઢળાવો;
શરણાઈઓ વગડાવો;
પોપટભાઈ પાંખ ખંખેરે.''

બહેન કહે : ''અત્યારે કાળી રાતે તે મારો ભાઈ ક્યાંથી હોય? ભાગી જા! તું તો કોઈ ચોર લાગે છે.''

પછી પોપટ તો ફઈને ત્યાં ગયો; પણ ફોઈબાએ પણ બારણાં ઉઘાડ્યાં નહિ.

ઘણાં સગાંવહાલાંને ત્યાં ગયો. પણ કોઈએ બારણાં ન ઉઘાડ્યાં.

છેવટે પોપટ મોટીમાને ત્યાં ગયો. જઈને માને કહે :

''મોટીમા, મોટીમા! બારણાં ઉઘાડો;
બારણાં ઉઘાડો.
પાથરણાં પથરાવો;
ઢોલીડા ઢળાવો;
શરણાઈઓ વગડાવો;
પોપટભાઈ પાંખ ખંખેરે.''

મોટીમાએ તો પોપટનો સાદ ઓળખ્યો, તે કહે : ''ઊભો રહે, મારા દીકરા! આ આવી; લે બારણાં ઉઘાડું છું, બાપુ!''

પછી બારણાં ઉઘાડ્યાં એટલે પોપટભાઈ અંદર

આવ્યા ને મોટીમાંને પગે લાગ્યા. મોટીમાએ એના દુખડાં લીધાં.

પછી માજીએ પોપટને માટે પાથરણાં પથરાવ્યાં, ઢોલીડા ઢળાવ્યા ને ઉપર રૂપાળાં સુંવાળાં સુંવાળાં ગાદલાં પથરાવ્યાં. પછી મોટી મા કહે : ''દીકરા! જરા અહીં બેસજે, હો. હમણાં શરણાઈવાળાને બોલાવી લાવું છું.''

માજી શરણાઈવાળાને બોલાવી લાવ્યાં ને પૂઊઊઊ કરતી શરણાઈઓ વાગવા માંડી.

પોપટભાઈ તો ખુશી ખુશી થઈ ગયા ને પાંખમાંથી ને ચાંચમાંથી રૂપિયા ખંખેરવા માંડયા. રૂપિયા તો ખનનન ખનનન ખરવા માંડયા ને મોટા ઢગલા થયા. થોડીક વાર થઈ ત્યાં આખું ઘર રૂપિયા રૂપિયા થઈ ગયું!

સવાર પડી એટલે સૌને ખબર પડી કે પોપટભાઈ રળીને આવ્યા છે ને ઘર ભરીને રૂપિયા લાવ્યા છે.


પાડોશમાં એક કાગડી રહેતી હતી. તેને ખબર પડી કે પોપટ બહુ બહુ રળીને આવ્યો છે. તે પોતાના દીકરા કાગડાને કહે : ''તુ પણ કમાવા જા ને?''

એટલે કાગડો કમાવા ચાલ્યો. પણ કાગડાભાઈ તે કાગડાભાઈ! એને તો ઉકરડા અને ગંદકી ગમે. એ તો ઉકરડે ગયો ને પાંખમાં, ચાંચમાં ને કાનમાં ખૂબ ગંદકી ભરી.

પછી રાત પડી એટલે કાગડો ઘેર આવ્યો ને પોપટની જેમ બારણું ખખડાવી બોલ્યો :

''મા, મા ! બારણાં ઉઘાડો;
બારણાં ઉઘાડો.
પાથરણાં પથરાવો;
ઢોલીડા ઢળાવો;
શરણાઈઓ વગડાવો;
કાગડાભાઈ પાંખ ખંખેરે.''

મા તો બિચારી ઝટઝટ ઊઠી. એણે તો બારણાં ઉઘાડયાં; પાથરણાં પથરાવ્યાં, ઢોલીડા ઢળાવ્યા ને શરણાઈઓ વગડાવી.



શરણાઈઓ વાગી એટલે કાગડાભાઈએ પાંખ ખંખેરી: ને ત્યાં તો આખું ઘર ગંદકી ગંદકી થઈ રહ્યું ! દુગર્ધનો પાર નહિ !

કાગડાની મા એવી તો ખિજાઈ ગઈ કે કાગડાને ઘરમાંથી કાઢી મૂકયો.

પોપટભાઈએ ખાધું પીધું ને મોજ કરી.

○ □ ○

# રાજા હું રે પનોતી

એક હતી ચકલી.

ચકલી ચણતી હતી ત્યાં એને એક મોતી જડ્યું.

ચકલીબાઈએ મોતી નાકમાં પહેર્યું ને ફુલાતાં ફુલાતાં એક ઝાડની ડાળે જઈને બેઠાં. ત્યાંથી એક રાજા નીકળ્યો.

રાજાને જોઈ ચકલી બાઈ કહે :

''રાજા હું રે પનોતી
મારે નાકે નિર્મળ મોતી:
રાજા હું રે પનોતી,
મારે નાકે નિર્મળ મોતી.''



રાજા મનમાં મનમાં ખિજાયો પણ તે દિવસે તો કાંઈ બોલ્યા ચાલ્યા વિના કચેરીમાં ચાલ્યો ગયો.

બીજે દિવસે રાજા કચેરીમાં જતો હતો ત્યાં વળી ચકલી બોલી :

''રાજા હું રે પનોતી
મારે નાકે નિર્મળ મોતી:

રાજા હું રે પનોતી,
મારે નાકે નિર્મળ મોતી.''

આ વખતે તો રાજા ખૂબ ખિજાયો. રાજાએ તો પાછા વળીને ચકલીને પકડી ને તેના નાકમાંથી મોતી કાઢી લીધું.

ચકલી કાંઈ રાજાથી ડરે તેવી ન હતી. તે તો બોલવા માંડી :

''રાજા ભગત ભિખારી,
મારું મોતી લઈ લીધું.
રાજા ભગત ભિખારી,
મારું મોતી લઈ લીધું.''

રાજાને તો વધારે ખીજ ચડી તે કહે: ''શું હું કાંઈ ભિખારી છું? હું તો રાજા છું, મારે ક્યાં ભૂખ છે? આપી દો ચકલીને એનું મોતી પાછું.''

રાજાએ ચકલીને મોતી પાછું આપી દીધું એટલે વળી ચકલી બોલવા માંડી :

''રાજા મારાથી બીનો,
મારું મોતી પાછું આપી દીધું;
રાજા મારાથી બીનો,
મારું મોતી પાછું દીધું.''

હવે તો રાજા બરાબર દાઝે બળ્યો. એ કહે : '' આ વળી શું? એક ભૂંડી ચકલી આટલું બધું કેમ બોલી શકે?''

રાજાએ તો ચકલીને પકડાવી, તેને માથે મુંડો કરાવ્યો. ને તેના ઉપર ચૂનો ચોપડાવી કાઢી મૂકી.

ચકલી કહે : ''રાજા અને રાજાના આખા કુંટુબને માથે મુંડો ન કરાવું તો મારું નામ ચકલી નહિ !''

પછી ચકલી એક શંકરના દહેરામાં જઈને બેઠી. રાજા રોજ શંકરનાં દર્શન કરવા આવે ને પગે લાગીને બોલે : ''હે શંકરબાપા ભલું કરજો.''

રોજની પેઠે રાજા દર્શન કરવા આવ્યો ને શંકરને પગે લાગીને બોલ્યો : ''હે શંકરબાપા ! ભલું કરજો.''



ત્યાં ચકલી બોલી : ''નહિ કરું !''

રાજા તો વિચારમાં પડ્યો. તે ફરી વાર પગે લાગ્યો ને બોલ્યો : ''હે શંકરબાપા ! ભલું કરજો.''

ત્યાં વળી ચકલી બોલી : ''નહિ કરું!''

રાજા ગભરાયો. તે કહે : ''હે ભગવાન! મારો કંઈ વાંક થયો હોય તો માફ કરજો; તમે કહેશો તેમ હું કરીશ. હે ભગવાન! મારું ભલું કરજો.''

ચકલી કહે : ''રાજા! તું અને તારું આખું કુટુંબ માથે મૂંડો કરાવી ચૂનો ચોપડી મને પગે લાગવા આવો તો ભલું કરું.''

બીજે દિવસે રાજા અને તેના આખા કુટુંબે મૂંડા કરાવ્યા, માથે ચૂનો ચોપડ્યો. ને સૌ મંદિરે આવ્યા. આવીને સૌ બોલ્યાં : ''હે શંકરબાપા! અમારું ભલું કરજો.''

ત્યાં તો ચકલીબાઈ ભરરર કરતાં ભાગ્યાં ને બહાર જઈને બોલ્યાં :

''ચકીબાઈ એક મૂંડાણાં,
રાજકુટુંબ મૂંડાણું!
ચકીબાઈ એક મૂંડાણાં,
રાજકુટુંબ મૂંડાણું!''

રાજા તો ભોંઠો પડી ગયો અને નીચે મોંએ મહેલમાં પહોંચી ગયો.

# જૂબાઈની વાર્તા

એક હતી જૂ એને એક વાર પરણવાનું મન થયું એટલે પરણવા ચાલી. રસ્તે ચાલતાં એક કાગડો મળ્યો.

કાગડો કહે : ''જૂબાઈ! ક્યાં ચાલ્યાં?''

જૂ કહે : ''પરણવા.''

કાગડો કહે : ''મારી વેરે જ પરણોને?''

જૂ કહે : ''ખાઉં શું? પીઉં શું? ઓઢું શું અને પહેરું શું?

કાગડો કહે : ''ખા દાણા, પી પાણી, ઓઢ પીછાં અને પહેર પીછાં.''

જૂ કહે : ''ના ના; મારે તો નથી પરણવું.''

જૂબાઈ થોડેક દૂર ચાલ્યા ત્યાં કૂતરો મળ્યો.

કૂતરો કહે : ''જૂબાઈ! ક્યાં ચાલ્યા?''

જૂ કહે : ''પરણવા.''

કૂતરો કહે : ''મારી વેરે જ પરણોને?''

જૂ કહે : ''ખાઉં શું? પીઉં શું? પહેરું શું? ઓઢું શું?

કૂતરો કહે : ''ખા રોટલો, પી પાણી, ઓઢવા પહેરવાનું કાંઈ નહિ.''



જૂ કહે : ''ના ના; મારે નથી પરણવું.''

જૂબાઈ વળી આઘેરાં ચાલ્યાં ત્યાં મોર મળ્યો.

મોર કહે : ''જૂબાઈ ! ક્યાં ચાલ્યા ?''

જૂ કહે : ''પરણવા.''

મોર કહે : ''મારી વેરે જ પરણોને ?''

જૂ કહે : ''ખાઉં શું ? પીઉં શું ? પહેરું શું ? ઓઢું શું ?''

મોર કહે : ''ખા મોતી, પી પાણી, ઓઢ પીછાં ને પહેર પીછાં.''

જૂ કહે : ''ના ના; મારે પરણવું નથી.''

જૂબાઈ વળી થોડેક ગયાં ત્યાં એક પાડો મળ્યો.

પાડો કહે : ''જૂબાઈ ! ક્યાં ચાલ્યા ?''

જૂ કહે : ''પરણવા.''

પાડો કહે : ''મારી વેરે જ પરણોને ?''

જૂ કહે : ''ખાઉં શું ? પીઉં શું ? પહેરું શું ? ઓઢું શું ?

પાડો કહે : ''ખા ખડ, પી પાણી, ઓઢવા - પહેરવાનું કાંઈ નહિ.''

જૂ કહે : ''ના ના, મારે નથી પરણવું.''

જૂબાઈ વળી આઘેરાંક ચાલ્યાં ત્યાં તો પીપળો મળ્યો.

પીપળો કહે : ''જૂબાઈ ! ક્યાં ચાલ્યા ?''

જૂ કહે : ''પરણવા.''

પીપળો કહે : ''મને જ પરણોને ?''

જૂ કહે : ''ખાઉં શું ? પીઉં શું ? પહેરું શું ? ઓઢું શું ?

પીપળો કહે : ''ખા હવા, પી પાણી, ઓઢ પાંદડાં ને પહેર પાંદડાં.''

જૂ કહે : ''ના ના; મારે તો કાંઈ નથી પરણવું.''

જરાક આઘે ચાલ્યાં ત્યાં ઉંદર મળ્યો.

ઉંદર કહે : ''જૂબાઈ! ક્યાં ચાલ્યા?''

જૂ કહે : ''પરણવા.''


ઉંદર કહે : મને જ પરણોને?''

જૂ કહે : ''ખાઉં શું? પીઉં શું? પહેરું શું ? ઓઢું શું?

ઉંદર કહે : ''ખા રોટલો ને ઘી-ગોળ, પી દૂધ-દહીં, પહેર પટોળાં ને ઓઢ ચીર.''

જૂ કહે : ''બહુ સારું. ત્યારે હું તમને જ પરણું છું.''

એમ કહી તેણે ઉંદરના ગળામાં વરમાળા નાખી. ઉંદરભાઈએ તો એક પીપળા પર ઘર બાંધ્યું અને જૂબાઈ માટે રોજ સારું સારું ખાવાનું લાવે. જૂબાઈ મનમાં મનમાં કહે : ઉંદર વર સારો.''



એમ કરતાં કરતાં એક દિવસે ઉંદરભાઈ એક ગોળના ગાડામાંથી ગોળ લેવા ગયાં. ઉંદરને ખબર નહિ અને ગાડું ચાલ્યું, એટલે ઉંદરભાઈ ગાડાના પૈડા નીચે ચગદાઈ ગયા!

જૂબાઈને ખબર પડી કે ઉંદરભાઈ મરી ગયા છે એટલે જૂબાઈ પીપળેથી નીચે ઉતર્યા; અને ઉંદર પાસે જઈ માથે છેડો નાખી મોં વાળી રોવા લાગ્યાં :

''કાગડાને ન મોહી, કુતરાને ન મોહી;
મોતી ચણતા મોરને ન મોહી;
ઢચૂક, ઉંદરડા! ઢચૂક.
પાડાને ન મોહી, પીપળાને ન મોહી,
ઢચૂક, ઉંદરડા! ઢચૂક.''



# આ ! મને છમ વડું

એક હતો બ્રાહ્મણ ને એક હતી બ્રાહ્મણી. એમને સાત છોડીઓ.

બ્રાહ્મણ ઘરનો બહુ જ ગરીબ. રોજ બિચારો સાત ગામ માગે ત્યારે માંડ માંડ પેટનું પૂરું થાય.

એક દિવસ બ્રાહ્મણને વડાં ખાવાનું મન થયું. એણે બ્રાહ્મણીને કહ્યું : ''આજ તો વડાં ખાવાનું મન થયું છે.''

બ્રાહ્મણી કહે : ''પણ બધાંયને થાય એટલો લોટ ઘરમાં નથી. પાંચસાત વડાં થાય એટલો લોટ માંડ માંડ નીકળે તો.''

બ્રાહ્મણ કહે : ''ત્યારે કાંઈ નહિ; વાત માંડી વાળો.''

બ્રાહ્મણી કહે : ''ના, એમ નહિ. પરમ દહાડે ધોળીકાકી થોડાંક વડાં આપી ગયાં હતાં તે મેં ને છોડીઓએ ચાખ્યાં છે; એક તમે રહી ગયા છો. છોડીઓને વાળું કરીને સૂઈ જવા દો; પછી હું તમને પાંચ-સાત પાડી આપીશ. મારે કાંઈ ખાવાં નથી એટલે એટલાં વડાં ખાઈને પાણી પીશો તો પેટ ભરાશે.''

બ્રાહ્મણીએ હળું હળું ઊઠીને ચૂલો સળગાવ્યો. પછી ચૂલા ઉપર લોઢી મૂકીને ઉપર ટીપુંક તેલ મૂક્યું.

પછી વડાંનું ડોઈને વડાં કરવા બેઠી. જ્યાં પહેલું વડું લોઢીમાં મૂક્યું ત્યાં 'છમ, છમ, છમ' થયું.

'છમ છમ' સાંભળી એક છોડી જાગી ને કહે : ''મા ! મને છમ વડું.''

મા કહે : ''સૂઈ જા, સૂઈ જા, આ લે એક વડું, ખાઈને પાણી પીને સૂઈ જા. જોજે બીજી જાગે નહિ.''

પહેલી છોડી તો એક વડું ખાઈને પાણી પીને સૂતી.

માએ તો બીજું વડું મૂક્યું ત્યાં તો પાછું 'છમ છમ' થયું. બીજી છોડી જાગી ને કહે : ''મા ! મને છમ વડું.''

મા કહે : ''લે સૂઈ જા, સૂઈ જા, જો: બીજી બહેન જાગશે.''

બીજી છોડી વડું ખાઈને સૂઈ ગઈ.

બ્રાહ્મણીએ બ્રાહ્મણની સામે જોયું.

બ્રાહ્મણ કહે : ''હશે, એ તો છોકરાં છે ને !''

પછી માએ ત્રીજુ વડું મૂક્યું; પણ ત્યાં તો પાછું 'છમ, છમ, છમ !' ''છમ છમ'' સાંભળી વળી એક છોડી જાગીને કહે : ''મા ! મને છમ વડું.''

મા કહે : ''લે. વળી તું ક્યાં જાગી? લે આ વડું; ખાઈને સૂઈ જા. જોજે, બીજીને જગાડતી નહિ.''



ત્રણ વડાં તો ખવાઈ ગયાં. હવે ચાર વડાંનો લોટ રહ્યો.

બ્રાહ્મણીએ ચોથું વડું મૂક્યું. વળી પાછું વડું તો ''છમ, છમ, છમ'' બોલ્યું.

''છમ, છમ'' થતું સાંભળી ચોથી છોડી જાગી ને એનેય વડું આપીને માએ સુવાડી દીધી. પછી તો પાંચમી છોડી જાગી ને પાંચમું વડું એને આપવું પડયું; તે પછી વળી છઠ્ઠી છોડી જાગી ને છઠ્ઠુ વડું એને આપવું પડયું. ને છેવટે સાતમું વડું સાતમી છોડીએ ખાધું.

ત્યાં તો લોટ થઈ રહ્યો !

બ્રાહ્મણ - બ્રાહ્મણીએ વડાં ન ખાધાં ને પાણી પીને સૂઈ રહ્યાં.

# હોલાહોલીની વાર્તા


એક હતો હોલો ને એક હતી હોલી.

હોલો રોજ રાજાને ઘેર ચણવા જાય.

હોલી એને ના પાડે ને કહે : ''રાજાનો કુંવર લાડકો છે તે તને કોઈવાર મારી નાખશે.''

હોલો કહે : ''રાજાના કુંવર એના ઘરના. મને શાના મારે? ને મારે તો હું એને બતાવી આપું! સૌ સૌના ઘરમાં મોટા.''

પછી એક વાર હોલો રાજાને ઘેર ચણવા ગયો ત્યાં રાજાના કુંવરે લાકડી મારી હોલાની પાંખ તોડી નાખી.



જમવા વખતે હોલો ઘેર ન આવ્યો : એટલે હોલી

હોલાને બોલાવવા ગઈ. ત્યાં તો એણે હોલાની પાંખ ભાંગી ગયેલી દીઠી.

હોલી કહે :

''હોલા રે હોલા! હું તને વારતી : રાજાની શેરીએ જઈશ મા.

''રાજાનો કુંવર લાડકો;
લાડેથી મેલે લાકડી
ભાંગે હોલાની પાંખડી.''



હોલે જવાબ આપ્યો :

''હોલી રે હોલી !
તમે ઘેર જ જાઓ;
બચ્ચાંને પાણીડાં પાઓ
હું હમણાં આવું છું.''

કુંવરને ચીડ ચડી એટલે એણે હોલાને એક બીજી લાકડી મારી ને મારી નાખ્યો.

થોડી વાર થઈ પણ હોલો ઘેર ન આવ્યો એટલે હોલી પાછી હોલાને બોલાવવા આવી ને બોલી :

''હોલા રે હોલા !
હું તને વારતી :
રાજાની શેરીએ જઈશ મા.
રાજાનો કુંવર લાડકો;

લાડેથી મારે લાકડી,
ભાંગે હોલાની પાંખડી.''

પાછો હોલો બોલ્યો :

''હોલી રે હોલી !
તમે ઘેર જ જાઓ;
બચ્ચાંને નવરાવો;
હું હમણાં આવું છું.''

રાજાનો કુંવર કહે : ''આ તો હજી જીવે છે ? ચાલો એને ખાઈ જઈએ.''

એમ કહી રાજાનો કુંવર એનું શાક કરીને ખાઈ ગયો.

વળી હોલી હોલાને બોલાવવા આવી ને બોલી :

''હોલા રે હોલા !
હું તને વારતી :
રાજાની શેરીએ જઈશ મા.
રાજાનો કુંવર લાડકો;
લાડેથી મારે લાકડી,
ભાંગે હોલાની પાંખડી.''

ત્યાં રાજાના કુંવરના પેટમાંથી હોલો બોલ્યો :

''હોલી રે હોલી !
તમે ઘેર જ જાઓ;
બચ્ચાંને ખવરાવો;
હું હમણાં આવું છું.''

કુંવરને તો ખૂબ કાળ ચડયો. તે કહે : ''ચાલો દિશાએ.''

કુંવરે સિપાઈઓને હુકમ આપ્યો કે જેવો પેટમાંથી હોલો નીકળે કે તુરત જ તેને મારી નાખજો.

પછી કુંવર દિશાએ જવા બેઠો અને જ્યાં હોલો નિકળ્યો ત્યાં તો સિપાઈઓએ તલવાર ચલાવી.

પણ ત્યાં હોલાભાઈ ઊડી ગયા. ને રાજાના કુંવરનો જ વાંસો કપાઈ ગયો !

# ભટૂરિયાંની વાર્તા

એક હતી બકરી. તે એક જંગલમાં ઝૂંપડી બાંધીને રહે. તેને સાત ભટૂરિયાં હતાં.

બકરી રોજ જંગલમાં ચરવા જાય ત્યારે બચ્ચાંને કહેતી જાય : ''જોજો, કોઈ બીજું કોઈ આવે તો બારણાં ઉઘાડશો નહિ. હું આવીને હળવે હળવે આમ બોલીશ :

બારણાં ઉઘાડજો રે એલાં ભટૂરિયાં;
તમારી મા આવી રે એલાં ભટૂરિયાં;
તમને ધવરાવશે રે એલાં ભટૂરિયાં;
તમને ખવરાવશે રે એલાં ભટૂરિયાં;
તમને પિવરાવશે રે એલાં ભટૂરિયાં;

આમ હું બોલું ત્યારે જ બારણું ઉઘાડજો.''

ઝૂંપડીની પાસે જ એક પીપળો હતો. તેનેય બકરી ભલામણ કરતી જાય : ''ભાઈ! મારાં બચ્ચાંને સાચવજે ને કોઈ બીજું આવે તો ચેતવજે.''

બકરી રોજ આટલું કહીને ચરવા જાય; ને ચરીને પાછી આવે ત્યારે બોલે :

''બારણાં ઉઘાડજો રે એલાં ભટૂરિયાં;
તમારી મા આવી રે એલાં ભટૂરિયાં;
તમને ધવરાવશે રે એલાં ભટૂરિયાં;
તમને ખવરાવશે રે એલાં ભટૂરિયાં;
તમને પિવરાવશે રે એલાં ભટૂરિયાં''



એક દિવસ બકરી રોજ પેઠે બચ્ચાંને બધું સમજાવીને પીપળાને ભલામણ કરીને પછી જંગલમાં ચરવા ગઈ.

તે દિવસે ત્યાં એક રાક્ષસ આવેલો. રાક્ષસ ઝૂંપડી પાછળ સંતાઈને બધું ય સાંભળી ગયો. બકરી તો બચ્ચાંને સમજાવીને જંગલમાં ચરવા ગઈ.

થોડીક વાર થઈ ત્યાં તો રાક્ષસ આવ્યો બકરી જેવા સાદ કાઢી બોલ્યો :

''બારણાં ઉઘાડજો રે એલાં ભટૂરિયાં;
તમારી મા આવી રેં એલાં ભટૂરિયાં;
તમને ધવરાવશે રે એલાં ભટૂરિયાં;
તમને ખવરાવશે રે એલાં ભટૂરિયાં;
તમને પિવરાવશે રે એલાં ભટૂરિયાં''

બચ્ચાં તો મા આવી હશે એમ જાણીને બારણાં ઉઘાડવાં દોડયાં ત્યાં પીપળો બોલ્યો :

''બારણાં ઉઘાડશો મા રે એલાં ભટૂરિયાં;
એ તો લુચ્ચો રાક્ષસ છે રે એલાં ભટૂરિયાં;
તે તમને ખાઈ જશે રે એલાં ભટૂરિયાં;
બારણાં ઉઘાડશો મા રે એલાં ભટૂરિયાં;''

રાક્ષસ તો પીપળા ઉપર ખિજાયો. તેણે પીપળાને જડમૂળથી ઊખેડી નાખ્યો.

રાક્ષસ તો બહુ બળવાન હતો. એક પાટુ મારી તેણે બારણા ભાંગી નાખ્યાં, અંદર જઈને બિચારાં બચ્ચાંને ખાઈ ગયો ને પછી બારણાં બંધ કરીને નિરાંતે સૂતો.

ત્યાં તો બકરી આવી. બારણાં ઉઘાડવા માટે તે બોલી :

''બારણાં ઉઘાડજો રે એલાં ભટૂરિયાં;
તમારી મા આવી રે એલાં ભટૂરિયાં;
તમને ધવરાવશે રે એલાં ભટૂરિયાં;
તમને ખવરાવશે રે એલાં ભટૂરિયાં;
તમને પિવરાવશે રે એલાં ભટૂરિયાં''

પણ ઝૂંપડીમાં તો રાક્ષસ હતો. બકરી કહે : ''બચ્ચાં કેમ બોલતં નથી ને બારણું ઉઘાડતા નથી ?''

ત્યાં તો બકરીની નજર પીપળા સામે ગઈ. પીપળાને તો કોઈએ ઉખેડી નાખેલો ! બકરી કહે : ''હાય હાય ! જરૂર કોઈ આવ્યું ને મારાં બચ્ચાંને ખાઈ ગયું ?''


બકરીએ તો બારણાંને ધક્કો માર્યો. ત્યાં તો ઝૂંપડીમાંથી મોટો 'હો હો' કરતો અવાજ આવ્યો.

બકરી તો કહે : ''નક્કી ! આ તો મોટો રાક્ષસ છે. હે ભગવાન બચ્ચાંને જેણે ખાધાં હોય તે ફાટી પડજો !''

ત્યાં તો રાક્ષસનું પેટ ફાટ્યું ને તેમાંથી નાનાં નાનાં બચ્ચાં બહાર નીકળી પડયાં ને પોતાની માને બચબચ કરતાં ધાવવા માંડયાં.

❋

# ચકી – ચકાની વાર્તા



એક હતી ચકી ને એક હતો ચકો. ચકી લાવી ચોખાનો દાણોને ચકો લાવ્યો દાળનો દાણો.

ચકલીએ તો એની ખીચડી રાંધી, ચૂલે ખીચડી મૂકીને ચકલીબાઈ પાણી ભરવા ગઈ. ચકલાને એ કહેતી ગઈ : ''જરા ખીચડી સંભાળજો, દાઝી ન જાય.''

ચકલો કહે : ''ઠીક.''

ચકલી ગઈ એટલે ચકલાભાઈ તો કાચીપાકી ખીચડી ખાઈ ગયા.

ચકલીને ખબર ન પડે એટલે ચકાભાઈ તો આંખે પાટા બાંધીને સૂતા.

ત્યાં તો ચકલીબાઈ પાણી ભરીને આવ્યાં, ચકલાએ તો અંદરથી બારણાં વાસી દીધાં હતાં.

ચકી : ''ચકારાણા, ચકારાણા ! જરા બારણાં ઉઘાડો.''

ચકો કહે : ''મારી તો આંખો દુખે છે તે હું તો પાટો બાંધીને સૂતો છું. તમે હાથ નાખીને ઉઘાડો.''

ચકી કહે : ''પણ આ બેડું કોણ ઉતારશે ?''

ચકો કહે : ''કટૂરિયો ફોડી નાખો ને કુલડી ઉતારી ઘરમાં આવો.''

ચકીએ તો કટૂરિયો ફોડી નાખ્યો ને કુલડી ઉતારી ઘરમાં ગઈ. જ્યાં રાંધણિયામાં જઈને ખીચડી સંભાળવા જાય ત્યાં તો તપેલીમાં ખીચડી ન મળે !

ચકી કહે : ''ચકારાણા, ચકારાણા ! આ ખીચડી કોણ ખાઈ ગયું ?''

ચકો કહે : ''અમને તો કાંઈ ખબર નથી. રાજાનો કૂતરો આવ્યો હતો તે ખાઈ ગયો હશે.''

ચકલી તો રાજા પાસે ફરિયાદે ગઈ. જઈને કહે : ''રાજાજી, રાજાજી ! તમારો કાળિયો કૂતરો મારી ખીચડી ખાઈ ગયો.''

રાજા કહે : ''બોલાવો કાળિયા કૂતરાને. ચકલીની ખીચડી કેમ ખાઈ ગયો ?

કૂતરો કહે : ''મેં ચકલીની ખીચડી ખાધી નથી. ચકાએ ખાધી હશે ને ખોટું બોલતો હશે.''

રાજા કહે : ''બોલાવો ચકાને.''

ચકો આવ્યો ને કહે : ''મેં ખીચડી નથી ખાધી. કૂતરાએ ખાધી હશે.''

રાજા કહે : ''એલા, સિપાઈ ક્યાં છે ? આ

ચકલાનું અને કૂતરાનું બેઉનું પેટ ચીરો, એટલે જેણે ખીચડી ખાધી હશે એના પેટમાંથી નીકળશે.''

કૂતરો કહે : ''ભલે, ચીરો મારું પેટ; ખાધી હશે તો નીકળશે ના ?''

પણ ચકલો બીનો. ખીચડી તો એણે જ ખાધી હતી. એ તો ધ્રૂજવા માંડ્યો અને બોલ્યો : ''ભાઈ-શા'બ ! ખીચડી તો મેં ખાધી છે. એક ગુનો માફ કરો.

રાજા તો ખિજાયો એટલે એણે ચકલાને કૂવામાં નંખાવ્યો.

ચકલી તો કૂવા ઉપર બેઠી બેઠી રોવા માંડી. ત્યાં એક ગાયોનો ગોવાળ નીકળ્યો.

''એ ભાઈ ગાયોના ગોવાળ.
ભાઈ ! ગાયોના ગોવાળ !
મારા ચકારાણાને કાઢો તો
તને ખીર ને પોળી ખવરાવું.''

ગાયોના ગોવાળ કહે : ''બાપુ ! હું કાંઈ નવરો નથી તે તારા ચકલાને કાઢું. હું તો મારે આ ચાલ્યો.''

એમ કહીને ગાયોનો ગોવાળ તો ચાલ્યો ગયો. ચકલી તો કોઈ નીકળે એની રાહ જોતી બેઠી.

ત્યાં ત્યાંથી ભેંશોનો ગોવાળ નીકળ્યો.

''એ ભાઈ ભેંશોના ગોવાળ.
ભાઈ ! ભેંશોના ગોવાળ !

મારા ચકારાણાને કાઢો તો
તને ખીર ને પોળી ખવરાવું.''

ભેંશોના ગોવાળ કહે : ''હું ક્યાં નવરો છું તે તારા ચકારાણાને કાઢું ?''

એમ કહીને ભેંશોનો ગોવાળ પણ ચાલ્યો ગયો.

ચકી તો વળી કોઈની વાટ જોતી બેઠી. ત્યાં બકરાંનો ગોવાળ નીકળ્યો. ચકલી બકરાંના ગોવાળને કહે :

''એ ભાઈ બકરાંના ગોવાળ.
ભાઈ ! બકરાંના ગોવાળ !
મારા ચકારાણાને કાઢો તો
તને ખીર ને પોળી ખવરાવું.''

બકરાંનો ગોવાળ કહે : ''હું કાંઈ નવરો નથી તે તારા ચકાને કાઢું. હું તો મારે આ ચાલ્યો.''

એમ કહીને બકરાંનો ગોવાળ પણ ત્યાંથી ચાલ્યો ગયો.

ચકલી તો બેઠી. ત્યાં સાંઢિયાની ગોવાળણ નીકળી. ચકલી કહે :

''એ ભાઈ સાંઢિયાની ગોવાળણ.
ભાઈ ! સાંઢિયાની ગોવાળણ !
મારા ચકારાણાને કાઢો તો
તને ખીર ને પોળી ખવરાવું.''

સાંઢિયાની ગોવાળણને ચકલીની દયા આવી એટલે એણે ચકલાને કૂવામાંથી કાઢયો.

ચકલી કહે : ''ચાલો બહેન! હવે ઘેર જઈને ખીર ને પોળી ખવરાવું.''

ગોાવળણ તો ઘેર આવી.

ચકલીએ તો ખીર ને પોળી ખંતથી કર્યાં. પણ ચકલો લુચ્ચો હતો. એણે તો એક લોઢી તપાવીને લાલચોળ કરી. ને જમવાનો વખત થયો એટલે ચકાએ લાલચોળ લોઢી ઢાળીને કહ્યું : ''લ્યો ગોવાળણબાઈ! આ સોનાના પાટલે બેસો.''

ગોવાળણ તો સોનાને પાટલે બેસવા ગઈ ત્યાં તો વાંસે દાઝી! બિચારી બોલતી બોલતી ભાગી :

''ખીર ન ખાધી, હું તો દાઝી !
ખીર ન ખાધી, હું તો દાઝી !''



☆ ○ ☆

# દેડકો અને ખિસકોલી

એક હતો દેડકો અને એક હતી ખિસકોલી.

એક દિવસ બંનેને ભાઈબંધી થઈ. રોજ બંને સાથે સાથે રમે ને મજા કરે. રમતાં રમતાં એક દિવસ દેડકો કહે :

''ખિસકોલીબાઈ, ખિસકોલીબાઈ ? મારે તો પરણવું છે.''

ખિસકોલી કહે : ''ઓહો એમાં તે કેટલી વાર? ચાલ ને હમણાં જ પરણાવું! તને પરણાવતાં કેટલી વાર? કહે તો રાજાની દીકરી પરણાવું.''

દેડકો કહે : ''ચાલ ત્યારે.''

ખિસકોલી ને દેડકાભાઈ તો ચાલ્યાં. ચાલતાં ચાલતાં રસ્તે એક મોટું તાડનું ઝાડ આવ્યું. ખિસકોલી-બાઈને ઝાડે ચડવાનું મન થયું.

ખિસકોલી કહે : ''દેડકાભાઈ! તું ઊભો રહે. હું જરા આ ઝાડ ઉપર જઈ આવું!''

દેડકો કહે : ''ત્યારે મનેય તું ઉપર લેતી જાને?''

ખિસકોલી કહે : ''તો બેસી જા મારા વાંસા પર ને પકડી રાખ.''

દેડકો ને ખિસકોલી ઝાડ ઉપર ચડ્યા.



દેડકાને તો ખિસકોલીએ એક પાંદડા ઉપર બેસાડયો. થોડી વાર થઈ ત્યાં તો ખિસકોલી સડપ દઈને નીચે ઊતરી ગઈ ને દેડકાભાઈ તો ઝાડ ઉપર ડોળા વકાસી બેસી રહ્યા !

દેડકો મનમાં કહે :

''પીચી પીચી સાથે દોસ્તી કીધી,
તાડ પર કીધો વાસો;
પરણવાનું તો કોરે રહ્યું,
પણ ઊતરવાનો સાંસો !''

ખિસકોલીબાઈ તો આગળ ચાલી; ને દેડકાભાઈએ ઉતાવળા થઈ પડતું મૂક્યું તે સોયે વરસ પૂરાં !

# ઘાસકા પૂળા ખા જા

એક હતું શિયાળ.

એને એવી ખરાબ ટેવ કે એક કણબીના હળ ઉપર રોજ ઝાડે બેસી જાય. કણબીનું હળ બગડે ને રોજ ધોવું પડે.

એક વાર કણબીને દાઝ ચડી. તે કહે : ''આ શિયાળને સીધું કર્યા વિના નહિ ચાલે. રોજ રોજ તે આ કેમ ખમાય ?''

તેણે હળ ઉપર ગુંદર ચોપડી દીધો.

બીજે દિવસે રાતે જ્યાં શિયાળ હળ ઉપર દિશાએ બેસવા જાય ત્યાં પોતે જ હળ ઉપર ચોંટી ગયું.

ઊખેડવાને માટે શિયાળે ઘણા પછાડા માર્યા પણ કાંઈ વળ્યું નહિ.

સવાર પડી ત્યાં કણબી આવ્યો.

શિયાળને જોઈને કણબી કહે : ''કાં, રોજ ને રોજ હળ બગાડી જા ને ? હળ તો બાપનું હતું, કેમ ?''

કણબીએ તો શિયાળને ખૂબ માર્યું ને પછી તેને આખો દિવસ હળે જોડયું.

સાંજે શિયાળને છોડયું ત્યારે શિયાળની ડોક સૂજી ગયેલી ને કાનમાંથી લોહી જાય ભાગ્યું !

શિયાળ તો ગામમાં ગયું ને ઘી માગવા નીકળ્યું. તે કહે : ''અરે બાપુ ! કોઈ જરા ઘી દેશો ? આઈ ! ઘી દેશો ! આ ડોક ને નાક સૂજી ગયા છે તે ચોપડવું છે.''

પણ શિયાળભાઈ તો લુચ્ચા એની સામે ય કોણ જુએ ?

એક ડોશી હતી, તેને દયા આવી. તેણે શિયાળને થોડુંક ઘી આપ્યું. એમાંથી થોડુંક ઘી શિયાળે કાને ચોપડયું ને બાકીનું ઘી એક કુલડીમાં ભર્યું.

પછી શિયાળ તો ઘી વેચવા ચાલ્યું. ''લેવું છે ઘી, કોઈને લેવું છે ઘી ?'' એમ બોલતું બોલતું શિયાળ ગામમાં નીકળ્યું.


એક ડોશીની ભેંશ વસૂકી ગઈ હતી તેથી તેની પાસે ઘીના પૈસા ન હતા.

ડોશી કહે : ''ભાઈ ! મારી પાસે કાંઈ પૈસા નથી. આ ભેંશ રાખીને ઘીની કુરડી આપીશ ?''

શિયાળ કહે : ''હા.''

પછી શિયાળ ભેંશ લઈને જંગલમાં ગયું. શિયાળ રોજ એક ખડનો પૂળો લઈ આવે, ભેંશ પાસે મૂકે ને આંચળ નીચે દોણું રાખીને બોલે :

''ઘાસકા પૂળા ખા જા
ને દૂધકા દોણા ભર દે''



ભેંશ ઘાસનો આખો પૂળો ખાઈ જાય ને દૂધનું દોણું ભરી દે.

શિયાળભાઈ આખુંય દોણું ભરી દૂધ પી જાય ને દિવસે દિવસે જાડા થતા જાય.

પછી તો શિયાળ ખૂબ ખૂબ જાડું થતું ગયું. એક દિવસ એના નાતીલાઓએ કહ્યું : ''અરે શિયાળભાઈ! તમે રોજ ને રોજ શરીરે જાડા કેમ થતા જાઓ છો? કંઈક સારું સારું ખાતા લાગો છો.''

શિયાળ કહે : ''ભાઈ! હું તો આ ધૂળ ખાઉં છું એથી જાડો થયો છું.''

બધાંય શિયાળોએ ધૂળ ખાધી પણ એ તો માંદાં પડયાં. પાછું બધાંએ શિયાળને પૂછ્યું : ''શિયાળભાઈ, શિયાળભાઈ! અમને જાડા થવાનો રસ્તો બતાવો ને? ધૂળ ખાધી એમાં તો માંદાં પડયાં!''

શિયાળ કહે : ''અરે ભાઈ! હું તો રાખ ખાઈને જાડો થયો છું!''

પછીજ બધાંએ રાખ ખાધી. પણ વળી બધાના પેટમાં દુખવા આવ્યું.

પછી શિયાળની આખી નાત એકઠી થઈને કહે : ''બોલ, સાચું બોલ ! શાથી જાડું થયું ? સાચું નહિ કહે તો તને નાત બહાર મૂકશું !''

શિયાળ કહે : ''નાત માબાપ છે, મારે ખોટું શું કામ બોલવું પડે ? પેલી ભેંશ બાંધી છે તેનું દૂધ પી પીને હું તો જાડો થયો છું.''

# ડોશી અને વાંદરી

એક હતી ડોશી. એનું નામ રામબા. એને એક દીકરો હતો. ફળીમાં એક પીપરનું ઝાડ હતું. ઝાડ ઉપર એક વાંદરી રહે. ડોશી ને દીકરો ખાય, પીએ ને મજા કરે.

એમ કરતાં પૈસા ખૂટ્યાં. દીકરો કહે: ''માડી! હું પરદેશ કમાવા જાઉં?''

ડોશી કહે : ''બાપુ! તું જાય તો હું દુઃખી દુઃખી થાઉં. આ વાંદરી મને સુખે રોટલો ખાવા ન દે.''

દીકરો કહે : ''એમાં ભૂંડી વાંદરી શું કરતી'તી? એક લાકડી રાખીએ ના, તે પાસે આવે તો મારીએ. માડી એક વરસમાં તો હું પાછો આવીશ.''

એમ કહીને દીકરો પરદેશ ગયો.



ડોશી ઘરડાં. એકેય દાંત નહિ; કશું ચવાય નહિ. ડોશી રોજ ખીર કરે, ને જ્યાં થાળીમાં ઠારે ત્યાં વાંદરી

ઠણંગ ઠેકડો મારીને ઘરમાં આવે, ડોશીને મોઢે એક લપાટ મારે ને બધી ખીર ખાઈ જાય !

ડોશી રોજ ખીર ઠારે વાંદરી રોજ ખીર ખાઈ જાય. રામબા બિચારી રોજ ભૂખી રહે. એ તો દિવસે દિવસે ગળતી જાય. આંખો ઊંડી ઊંડી પેસી ગઈ; મોઢું તો સાવ લેવાઈ ગયું. સાવ સૂકલકડી બની ગઈ !

એમ કરતાં એક વરસ પૂરું થયું ને દીકરો ઘેર આવ્યો.

દીકરો કહે : અરે માડી ! તમે સાવ સૂકાઈ કેમ ગયાં ? તમને શું થયું છે ?''

રામડોશી કહે : ''બાપુ ! થયું તો કાંઈ નથી. પણ આ વાંદરી સુખે રોટલો ખાવા દેતી નથી. હું રોજ ખીર ઠારું છું ને રોજ વાંદરી ખાઈ જાય છે !''

દીકરો કહે : 'ઠીક, ત્યારે. કાલે એની વાત છે.

દીકરાએ સવારે ઊઠીને આખા ઘરમાં ગારો ગારો કરી મૂક્યો; એક રસોડામાં જ ડોશી બેસે એટલી જગ્યા સારી રાખી.

રામબાએ રાંધ્યું. કૂણી કૂણી રોટલી ઘીએ ચોપડીને થાળીમાં મૂકી અને બીજી થાળીમાં ખીર ઠારી. દીકરો કહે :

''આવ રે, વાંદરી ! ખીર ખાવા.''

વાંદરી તૈયાર જ હતી. કૂદકો મારતી ને અંદર આવી.

વાંદરી હાથપગ ઊંચા લેતી જાય, નાક ચડાવતી જાય અને પૂછતી જાય : ''હું ક્યાં બેસું? હું ક્યાં બેસું?

છોકરાએ તો એક લાલચોળ છીપર આપીને કહ્યું : ''આવો, આવો, આ સોનાના પાટલા ઉપર બેસો, વાંદરીબાઈ !''

વાંદરી ચટ દઈને બેઠી, ચપ લઈને ચંપાઈ ગઈ, ને વોય વોય કરતી ભાગી !

રામબા કહે :


''આવ રે, વાંદરી ! ખીર ખાવા.''

વાંદરી કહે :

''હું કેમ આવું રે, રામ !
તારે દીકરે દીધો ડામ !''

એમ કહેતી કહેતી વાંદરી ભાગી ગઈ. તે ફરી આવી જ નહિ !

પછી ડોશી નિરાંતે ખાઈ પીને તાજી થઈ.



## અઘરા શબ્દોના અર્થ

લોથ = લોચા જેવું (મડદું)

શેરણું = પાતળા ઝાડા

મદી = શત્રુ

ભંભોટિયો = પાણી રાખવાનું માટીનું વાસણ

નીકર = નહિતર

ગારો = કાદવ

ખુતાડવું = કાદવમાં ઊંડા ઉતરવું

ખોરડું = છાપરું

સરવો = સાંભળી શકાય એવો તીક્ષ્ણ

ગાડવો = માટીનું વાસણ મોરયો

પુન = પુણ્ય

નકોરડો = કાંઈ ખાધું પીધું ન હોય તેવો

રેઢી = રખડતી; ધણી વિનાની

પનોતી = ભાગ્યશાળી; નસીબદાર

આઘેરું = થોડુંક દૂર

માંડી વાળવું = છોડી દેવું; બંધ કરવું

વરવું = ના પાડવી

મેલવું = મૂકવું

કટૂરિયો = નાની કૂલડી

વસૂકી જવું = દૂધ દેતાં બંધ થઈ જવું.

# સ્વ. ગિજુભાઈનું સાહિત્ય

દિવાસ્વપ્ન

આ તે શી માથાફોડ ?

શાંત પળોમાં

પ્રાસંગિક મનન

કિશોર કથાઓ ભાગ – ૧ – ૨ – ૩ – ૪

રખડુ ટોળી

મા – બાપ થવું આકરું છે.

વાર્તાનું શાસ્ત્ર

બાળવાર્તાઓ ભાગ ૧ થી ૫નો સેટ

## ○ અન્ય બાળસાહિત્ય ○

૧. ઘરમાં બાલમંદિર
૨. બાળકો તોફાન કેમ કરે છે ?
૩. બાળકોને વાર્તા કેવી રીતે કહીશું
લે. મૂળશંકર મો. ભટ્ટ

} ત્રણેયની એક પુસ્તકા સાથે જ છે.

બાળગીતો ભાગ – ૧ – ૨ – ૩
સંપાદક : સોમાભાઈ ભાવસાર

: પ્રાપ્તિસ્થાન :

**સંસ્કાર સાહિત્ય મંદિર**

પ્લોટ નં. ૧૯૨૫, રૂપાણી દીવડી પાસે,
ભાવનગર – ૩૬૪ ૦૦૧.